હઝરત મુહમ્મદ ﷺ
ઈસ્લામના પયગંબર

: લેખક :
પ્રો. કે. એસ. રામાક્રિષ્ના રાવ
અધ્યક્ષ, દર્શનશાસ્ત્ર વિભાગ, રાષ્ટ્રીય કન્યા વિશ્વવિદ્યાલય, મૈસૂર (કર્ણાટક)

: અનુવાદક :
મુહમ્મદ જમાલ પટીવાલા

શરૂ અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

પ્રસ્તાવના

જાણીતા અને અજાણ ઇતિહાસમાં ઘણી મહાન વિભૂતિઓ થઈ છે. જેમણે ઓછા વત્તા માનવ-સમાજ પર ઊંડો પ્રભાવ નાખ્યો છે. પરંતુ હઝરત મુહમ્મદ ﷺ એક એવી હસ્તી છે જેમણે જીવનના દરેક ક્ષેત્રને પ્રભાવિત કર્યું છે. અને તેમાં સકારાત્મક અને રચનાત્મક પરિવર્તન આણ્યું છે. વ્યક્તિગત જીવનથી લઈને સામૂહિક જીવનના દરેક ક્ષેત્રને આપ ﷺ એ સ્પર્શ કર્યું અને એવા સિદ્ધાંત આપ્યા કે મુસલમાંનો લાંબા સમય સુધી વિશ્વપટલ પર છવાયેલા રહ્યા. મિત્રો જ નહિ શત્રુઓ પણ આપ ﷺના ઉત્કૃષ્ટ ગુણો, નિષ્કલંક પ્રમાણિકતા અને નૈતિકતાના સાક્ષી રહ્યા છે.

એક જ સમયમાં આપ ﷺ ની અંદર એક દૂત અને ધાર્મિક ગુરૂ, આદર્શ વ્યક્તિ, સાંસારિક રાજસત્તાના કુશળ પ્રમુખ, ન્યાયાધીશ, સફળ સેનાપતિ, આર્થિક સુધારક વગેરે સાહસિક અને નિષ્કપટ વ્યક્તિત્વના દર્શન થાય છે. આપ ﷺએ અંધશ્રદ્ધામાં ગરકાવ ધર્મને બુદ્ધિની કસોટી પર મૂક્યો અને સામાજિક કુરિવાજોને નાબૂદ કર્યા. જીવનના વિભાજનને સમાપ્ત કરી એકેશ્વરવાદની માળામાં પરોવી દીધા. તેથી કુર્આનમાં અલ્લાહે આપ ﷺ ને દરેક માનવી માટે નમૂનારૂપ કહ્યા છે.

દુનિયા હેરાન છે કે એક એવી વ્યક્તિ કે જે અનાથ પેદા થઈ, જેના પાસે સંસાધનોની કમી હતી, જેને કોઈ રાજકીય સમર્થન ન હતું, તેમણે ન માત્ર શ્રદ્ધાનું શુદ્ધિકરણ કર્યું બલ્કે સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રે અમૂલ્ય પરિવર્તન લાવ્યા. એક સામાન્ય માણસના મગજમાં પ્રશ્ન ઊભો થાય છે કે એ કઈ શક્તિ હતી કે આરબની અસભ્ય, અભણ, વેર-વિખેર અને લડાયક કોમને ખૂબ જ ટૂંકા ગાળામાં જડમૂળથી બદલી નાખી. આપ ﷺ ની સિદ્ધિઓ એક ચમત્કાર જેવી લાગે છે. આપ ﷺ ના વખાણ અને લખાણ માટે પૃષ્ઠો ઓછા પડશે.

લેખકે આપ ﷺના જીવન-ચરિત્રનું અધ્યયન કરી વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોના મત અને ઇતિહાસના હવાલાથી સંક્ષિપ્તમાં હઝરત મુહમ્મદ ﷺ ના જીવનનો પરિચય કરાવવાનો સફળ પ્રયાસ કર્યો છે. આશા છે વાંચક મિત્રો તેને હાથોહાથ લેશે.

— ચેરમેન, ઇસ્લામી સાહિત્ય પ્રકાશન

પયગંબર હઝરત મુહમ્મદ ﷺ ના જીવનની એક ઝાંખી

જન્મ	૯ રબીઉલ અવ્વલ ૨૨ એપ્રિલ અને ૫૭૧ ઈ.સ.
હલીમા સાદિયાની ગોદમાં	વય ૪ માસ, ૫૭૧ ઈ.સ.
વ્હાલી માતાનું મૃત્યુ	વય ૬ વર્ષ, ૫૭૭ ઈ.સ.
દાદા અબ્દુલ મુત્તલિબનું મૃત્યુ	વય ૮ વર્ષ, ૫૭૯ ઈ.સ.
પ્રથમ વ્યાપારિક પ્રવાસ (સીરિયા)	વય ૧૨ વર્ષ, ૫૮૩ ઈ.સ.
ફુજ્જારની લડાઈમાં ભાગ લીધો	વય ૧૫ વર્ષ, ૫૮૬ ઈ.સ.
હિલ્ફુલ ફુઝૂલમાં સામેલ થયા	વય ૧૬ વર્ષ, ૫૮૭ ઈ.સ.
હઝરત ખદીજા રદિ. સાથે લગ્ન	વય ૨૫ વર્ષ, ૫૯૬ ઈ.સ.
અલ અમીન (ઈમાનદાર)નો ઇલ્કાબ	વય ૩૦ વર્ષ, ૬૦૧ ઈ.સ.
હજ્રે અસ્વદ સ્થાપિત કરવાની ઘટના	વય ૩૫ વર્ષ, ૬૦૬ ઈ.સ.
હિરા ગુફામાં જવું	વય ૩૭ વર્ષ, ૬૦૮ ઈ.સ.
પયગંબરી-વહીનો આરંભ	વય ૪૦ વર્ષ, ૬૧૧ ઈ.સ.
શેઅબે અબી તાલિબની ઘાટીમાં કેદ અને સામાજિક બહિષ્કાર	વય ૪૭ વર્ષ, ૬૧૮ ઈ.સ.
બહિષ્કાર સમાપ્ત	વય ૫૦ વર્ષ, ૬૨૧ ઈ.સ.
હઝરત ખદીજા રદિ.નું મૃત્યુ	વય ૫૦ વર્ષ, ૬૨૧ ઈ.સ.
કાકા અબૂ તાલિબનું મૃત્યુ	વય ૫૦ વર્ષ, ૬૨૧ ઈ.સ.
તાઇફનો પ્રવાસ	વય ૫૦ વર્ષ, ૬૨૧ ઈ.સ.
હઝરત આઇશા રદિ.થી લગ્ન	વય ૫૦ વર્ષ, ૬૨૧ ઈ.સ.
મેઅ્રાજની ઘટના	વય ૫૦ વર્ષ, ૬૨૧ ઈ.સ.
મદીનામાં ઇસ્લામનો પ્રારંભ	વય ૫૦ વર્ષ, ૬૨૧ ઈ.સ.
મદીના હિજરત	વય ૫૩ વર્ષ, ૬૨૪ ઈ.સ.
મસ્જિદે-નબવીનો શિલાન્યાસ	વય ૫૪ વર્ષ, ૬૨૫ ઈ.સ.
બદ્રનું યુદ્ધ	વય ૫૫ વર્ષ, ૬૨૬ ઈ.સ.
ઉહદનું યુદ્ધ	વય ૫૬ વર્ષ, ૬૨૭ ઈ.સ.
ખંદકનું યુદ્ધ	વય ૫૮ વર્ષ, ૬૨૯ ઈ.સ.
હુદૈબિયાની સંધિ	વય ૫૯ વર્ષ, ૬૩૦ ઈ.સ.
રાજાઓને ઇસ્લામનું આમંત્રણ	વય ૬૦ વર્ષ, ૬૩૧ ઈ.સ.
ખૈબરનું યુદ્ધ	વય ૬૦ વર્ષ, ૬૩૧ ઈ.સ.
મક્કાનો વિજય	વય ૬૧ વર્ષ, ૬૩૨ ઈ.સ.
પુત્ર ઇબ્રાહીમ રદિ.નું મૃત્યુ	વય ૬૧ વર્ષ, ૬૩૨ ઈ.સ.
તબૂકનું યુદ્ધ	વય ૬૨ વર્ષ, ૬૩૩ ઈ.સ.
હજ્જતુલ વિદાઅ (અંતિમ હજ્જ)	વય ૬૩ વર્ષ, ૬૩૪ ઈ.સ.
બીમારી અને મૃત્યુ	વય ૬૩ વર્ષ, ૬૩૪ ઈ.સ.

પ્રકરણ - ૧

ઈસ્લામના પયગંબર મુહમ્મદ ﷺ

મુહમ્મદ ﷺનો જન્મ અરબસ્તાનના રણપ્રદેશમાં મુસ્લિમ ઇતિહાસકારોના મતાનુસાર ૨૦ એપ્રિલ ઈ.સ. ૫૭૧માં થયો. 'મુહમ્મદ'નો અર્થ થાય છે - "જેની અત્યંત પ્રશંસા કરવામાં આવી હોય." મારી દૃષ્ટિએ આપ ﷺ આરબના તમામ સપૂતોમાં મહાપ્રજ્ઞ અને સૌથી ઉચ્ચ બુદ્ધિશાળી વ્યક્તિ છે. શું આપ ﷺ ના પહેલાં અને શું આપ ﷺ ના પછી, આ લાલ રેતાળ અગમ રણપ્રદેશમાં જન્મેલ તમામ કવિઓ અને શાસકોની સરખામણીમાં આપ ﷺ નો પ્રભાવ અનેકગણો વ્યાપક છે.

જ્યારે આપ ﷺ જન્મ્યા તો આરબ ઉપમહાદ્વીપ માત્ર એક નિર્જન રણપ્રદેશ હતો. મુહમ્મદ ﷺ ના સશક્ત આત્માએ આ ઉજ્જડ રણપ્રદેશથી એક નવીન સંસારનું નિર્માણ કર્યું, એક નવીન જીવનનું, એક નવીન સંસ્કૃતિ અને સભ્યતાનું. આપ ﷺ ના દ્વારા એક એવા નવીન રાજ્યની સ્થાપના થઈ, જે મોરક્કોથી લઈને ચીન સુધી ફેલાઈ ગયું અને જેણે ત્રણ મહાદ્વીપો - એશિયા, આફ્રિકા અને યુરોપના વિચારો અને જીવન ઉપર પોતાની અસરો ઊભી કરી.

ઉદારતાની જરૂરત

મેં જ્યારે પયગંબર મુહમ્મદ ﷺ વિશે લખવાનો ઇરાદો કર્યો, તો પહેલાં તો મને સંકોચ થયો, કેમ કે આ એક એવા ધર્મ વિશે લખવાનો મામલો હતો, જેનો હું અનુયાયી નથી અને આ એક નાજુક મામલો પણ છે, કેમ કે દુનિયામાં વિભિન્ન ધર્મોના માનવાવાળા લોકો જોવા મળે છે અને એક જ ધર્મના અનુયાયીઓ પણ પરસ્પર વિરોધી મતો (School of Thoughts) અને ફિરકાઓ (સંપ્રદાયો)માં વહેંચાયેલા હોય છે.

જો કે ક્યારેક-ક્યારેક એવો દાવો કરવામાં આવે છે કે ધર્મ પૂર્ણતઃ એક વ્યક્તિગત મામલો છે, પરંતુ આનાથી ઈન્કાર નથી થઈ શકતો કે ધર્મમાં સમસ્ત જગતને પોતાના ઘેરાવામાં લઈ લેવાનું વલણ જોવા મળે છે, ચાહે તેનો સંબંધ પ્રત્યક્ષથી હોય કે પરોક્ષ વસ્તુઓથી. તે કોઈ ને કોઈ રીતે અને ક્યારેક તો આપણા હૃદય, આપણા આત્માઓ અને આપણા મન અને મસ્તિષ્કમાં પોતાનો માર્ગ બનાવી લે છે. ચાહે તેનો સંબંધ ચેતનથી હોય કે અવચેતન કે અચેતનથી હોય અથવા કોઈ એવા હિસ્સાથી હોય, જેની આપણે કંઈક કલ્પના કરી શકતા હોઈએ. આ સમસ્યા તે સમયે વધુ ગંભીર અને અત્યંત મહત્ત્વપૂર્ણ બની જાય છે, કે જ્યારે આ વાતનો ઊંડો વિશ્વાસ પણ હોય કે આપણો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય તમામ એક અત્યંત કોમળ, નાજુક અને સંવેદનશીલ રેશમી સૂતરથી બંધાયેલ છે. જો આપણે કંઈક વધુ સંવેદનશીલ બન્યા તો પછી આપણું સંતુલન કેન્દ્ર અત્યંત તાણની સ્થિતિમાં રહેવાની સંભાવના બની રહે છે. આ દૃષ્ટિએ જોવા જઈએ તો બીજાના ધર્મ અંગે જેટલું ઓછું કહેવામાં આવે તે જ સારૂં છે. આપણા ધર્મોને તો ખૂબ છુપાઈ રહેવું જોઈએ. તેમનું સ્થાન તો આપણા હૃદયના અંદર હોવું જોઈએ અને આ સંદર્ભમાં આપણું મોઢું તદ્દન ન ખોલવું જોઈએ.

મનુષ્યઃ એક સામાજિક પ્રાણી

પરંતુ સમસ્યાનું એક બીજું પાસું પણ છે. મનુષ્ય સમાજમાં રહે છે અને આપણું જીવન ઈચ્છા-અનિચ્છાએ, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અન્યોના જીવન સાથે જોડાયેલું હોય છે. આપણે એક જ ધરતીનું અનાજ ખાઈએ છીએ, એક જ જળ-સ્રોતનું પાણી પીએ છીએ, અને એક જ વાયુ-મંડળની હવામાં શ્વાસ લઈએ છીએ. આ પરિસ્થિતિમાં, જ્યારે કે આપણે આપણા અંગત વિચારો અને ધાર્મિક માન્યતાઓ ઉપર અડગ હોઈએ, જો આપણે થોડું ઘણું એ પણ જાણી લઈએ કે આપણો પાડોશી કેવી રીતે વિચારે છે, તેના કર્મોનો મુખ્ય પ્રેરક-સ્રોત કયો છે? તો આ જાણકારી ઓછામાં ઓછું આપણા માહોલ સાથે તાલમેલ પેદા કરવામાં સહાયક સિદ્ધ થશે.આ ખૂબ જ સારી વાત છે કે વ્યક્તિએ જગતના તમામ ધર્મો વિશે ઉચિત ભાવનાની સાથે જાણવાની કોશિશ કરવી જોઈએ, જેથી પરસ્પર જાણકારી અને મેળ-મિલાપને પ્રોત્સાહન મળે અને આપણે વધુ સારી રીતે પોતાના નજીકના કે દૂરના પાસ-પાડોશીની કદર કરી શકીએ.

પછી આપણા વિચારો વાસ્તવમાં એટલા વિખેરાયેલા નથી, જેમ કે તે ઉપર-ઉપરથી દેખાય છે. વાસ્તવમાં તે કેટલાક કેન્દ્રોની આસપાસ જમા થઈને સ્ટાફિક જેવું રૂપ ધારણ કરી લે છે, જેને દુનિયાના મહાન ધર્મો અને જીવન આસ્થાઓના સ્વરૂપમાં જુએ છે, જે ધરતી ઉપર લાખો જિંદગીઓનું માર્ગદર્શન કરે છે અને તેમને પ્રેરિત કરે છે. આમ, જો આપણે આ સંસારના આદર્શ નાગરિક બનવા માગતા હોઈએ તો આપણી જવાબદારી એ પણ છે કે આપણે તે મહાન ધર્મો અને તે દાર્શનિક સિદ્ધાંતોને જાણવાના યથાશક્તિ પ્રયત્નો કરીએ, જેમનું મનુષ્યો ઉપર શાસન રહ્યું છે.

પયગંબરઃ ઐતિહાસિક વ્યક્તિત્વ

આ પ્રારંભિક ટિપ્પણીઓ છતાં ધર્મનું એક એવું ક્ષેત્ર છે, જ્યાં વારંવાર બુદ્ધિ અને સંવેદનાઓ વચ્ચે સંઘર્ષ જોવા મળે છે. અહીં લપસી જવાની એટલી શક્યતા રહે છે કે વ્યક્તિએ તે ઓછું સમજતા લોકોનું બરાબર ધ્યાન રાખવું પડે છે, જેઓ ત્યાં પણ ઘૂસવાનું ચૂકતા નથી, જ્યાં પ્રવેશ કરતાં ફરિશ્તાઓ (દેવદૂતો) પણ ડરે છે. આ રીતે પણ આ અત્યંત જટિલ સમસ્યા છે. મારા લેખનો વિષય એક વિશિષ્ટ ધર્મના સિદ્ધાંતોથી છે. તે ધર્મ ઐતિહાસિક છે અને તેના પયગંબરનું વ્યક્તિત્વ પણ ઐતિહાસિક છે. ત્યાં સુધી કે સર વિલિયમ મૂર જેવો ઇસ્લામ વિરોધી આલોચક પણ કુર્આન વિશે કહે છે કે, 'સંભવતઃ જગતમાં (કુર્આન સિવાય) કોઈ અન્ય પુસ્તક એવું નથી, જે બાર સદીઓ સુધી પોતાના વિશુદ્ધ મૂળની સાથે આ રીતે સુરક્ષિત હોય.' હું તેમાં એટલો વધારો કરી શકું છું કે પયગંબર મુહમ્મદ (સલ્લ.) પણ એક એવી એકમાત્ર ઐતિહાસિક વ્યક્તિ છે, જેમના જીવનની એક એક ઘટનાને ખૂબ જ સાવધાંની સાથે તદ્દન શુદ્ધ રૂપમાં અત્યંત સૂક્ષ્મ વિગતો સાથે આવનારી પેઢીઓ માટે સુરક્ષિત કરી દેવામાં આવી છે. તેમનું જીવન અને તેમના કારનામાઓ રહસ્યના પરદાઓમાં છુપાયેલા નથી. તેમના વિશે સાચી જાણકારી પ્રાપ્ત કરવા માટે કોઈને તનતોડ મહેનત કરવાની કે અહીંતહીં રખડવાની જરૂરત નથી, સત્ય રૂપે મોતી પ્રાપ્ત કરવા ભૂશિરમાંથી ભૂસું ઉડાવીને કેટલાક દાણા પ્રાપ્ત કરવા જેવા કઠિન પરિશ્રમની આવશ્યકતા નથી.

પૂર્વકાલીન ભ્રામક ચિત્રણ

મારૂં કામ એટલા માટે વધુ સરળ થઈ ગયું છે કે હવે તે સમય ઝડપથી પસાર

થઈ રહ્યો છે, જ્યારે કે કેટલાક રાજકારણીઓ અને એ પ્રકારના બીજા કારણોથી કેટલાક ટીકાકારો ઈસ્લામનું ખોટું અને ખૂબ જ ભ્રામક ચિત્રણ કરતા હતા. પ્રો. બીવાન 'કેમ્બ્રિજ મેડિવલ હિસ્ટ્રી' (Cambridge Madieval History)માં લખે છે, ''ઇસ્લામ અંને મુહમ્મદ ﷺના સંબંધમાં ૧૯મી સદીના આરંભથી પૂર્વ યુરોપમાં જે પુસ્તકો પ્રકાશિત થયાં, તેમની હેસિયત માત્ર સાહિત્યિક જિજ્ઞાસાની જ રહી ગઈ છે.''

મારા માટે પયગંબર મુહમ્મદ ﷺ નું જીવનચરિત્ર લખવાની સમસ્યા અત્યંત સરળ થઈ ગઈ છે, કેમ કે હવે આપણે આ પ્રકારના ભ્રામક ઐતિહાસિક તથ્યોનો સહારો લેવા વિવશ નથી અને ઇસ્લામ સંબંધે ભ્રામક નિરૂપણોનો ખુલાસો કરવામાં આપણો સમય પણ વેડફાતો નથી.

ઉદાહરણ રૂપે ઇસ્લામી સિદ્ધાંત અને તલવારની વાત કોઈ પણ નોંધપાત્ર ક્ષેત્રમાં ભારપૂર્વક રીતે સાંભળવા મળતી નથી. ઇસ્લામનો એ સિદ્ધાંત કે, 'ધર્મના મામલામાં કોઈ બળજબરી નથી' આજે સૌની સમક્ષ સારી રીતે સ્પષ્ટ છે. વિશ્વપ્રસિદ્ધ ઇતિહાસકાર ગિબ્બને કહ્યું છે કે, 'મુસલમાનો સાથે આ ખોટી અને ઘાતક ધારણા જોડી દેવામાં આવી છે કે તેમનું કર્તવ્ય એ છે કે, 'તેઓ પ્રત્યેક ધર્મનું તલવારના જોરે નિર્મૂલન કરી દે'. આ ઇતિહાસકારે કહ્યું છે કે, 'આ અજ્ઞાનતાપૂર્ણ આરોપનું કુર્આનથી પણ સંપૂર્ણ રીતે ખંડન થઈ ગયું છે, અને મુસલમાન વિજેતાઓના ઇતિહાસ તથા ખ્રિસ્તીઓના પૂજા-પાઠ પ્રત્યે તેમના તરફથી કાનૂની અને સાર્વજનિક ઉદારતાનું જે પ્રદર્શન થયું છે, તેનાથી પણ આ આરોપ તથ્યહીન સિદ્ધ થાય છે.'

પ્રકરણ - ૨

હઝરત મુહમ્મદ ﷺ મહાનતમ ક્ષમાદાતા આત્મસંયમ તથા અનુશાસન

"જે પોતાના ક્રોધ પર કાબૂ ધરાવે છે." (કુર્આન, ૩: ૧૩૪)

એક કબીલાના મહેમાનનું ઊંટ બીજા કબીલાના ગૌચરમાં ભૂલથી જતા રહેવાની નાની સરખી ઘટનાથી ઉત્તેજિત થઈને આરબો ૪૦ વર્ષ સુધી એવી ભયાનક રીતે લડતા રહ્યા હતા કે બંને પક્ષોએ આશરે સિત્તેર હજાર માણસો માર્યા ગયા અને બંને કબીલાઓના સંપૂર્ણ વિનાશનો ભય પેદા થઈ ગયો હતો. તે ઉગ્ર, ક્રોધાતૂર અને લડાયક કોમને ઈસ્લામના પયગંબરે આત્મસંયમ અને અનુશાસનનું એવું શિક્ષણ આપ્યું કે તેઓ યુદ્ધના મેદાનમાં પણ નમાઝ અદા કરતા હતા.

પ્રતિરક્ષાત્મક યુદ્ધ

વિરોધીઓથી સમજૂતી અને મેળ-મિલાપ કાજે આપ ﷺ એ વારંવાર પ્રયાસ કર્યા, પરંતુ જ્યારે બધા પ્રયત્નો તદ્દન નિષ્ફળ થઈ ગયા અને સંજોગો એવા ઊભા થઈ ગયા કે આપ ﷺને માત્ર પોતાની રક્ષા માટે જ મેદાનમાં આવવું પંડયું તો આપ ﷺએ રણનીતિને તદ્દન નવું જ રૂપ આપ્યું. આપ ﷺના જીવનકાળમાં જેટલા પણ યુદ્ધો થયા, ત્યાં સુધી કે સમગ્ર આરબપ્રદેશ આપ ﷺના અધિકાર ક્ષેત્રમાં આવી ગયો તે યુદ્ધોમાં માર્યા ગયેલા લોકોની સંખ્યા કેટલાક સોથી વધારે નથી.

આપ ﷺએ બર્બર આરબોને સર્વશક્તિમાન અલ્લાહની ઉપાસના અર્થાત્ નમાઝનું શિક્ષણ આપ્યું, એકલા-એકલા અદા કરવાની નહીં, બલ્કે સામૂહિક રૂપે અદા કરવાની, ત્યાં સુધી કે યુદ્ધ સમરાંગણના વચ્ચે પણ. નમાઝનો નિયત સમય

થતાં — અને આ સમય દિવસમાં પાંચ વખત આવે છે — સામૂહિક નમાઝ (નમાઝ જમાઅતની સાથે)નો ત્યાગ કરવો તો દૂર, તેને સ્થગિત પણ કરી શકાતી ન હતી. એક જૂથ પોતાના ખુદા સમક્ષ માથું ટેકવવામાં, જ્યારે કે બીજું જૂથ શત્રુથી લડવામાં વ્યસ્ત રહેતું. જ્યારે પ્રથમ જૂથ નમાઝ અદા કરી લેતું તો તે બીજા જૂથનું સ્થાન લઈ લેતું અને બીજું ખુદાની સામે ઝૂકી જતું.

યુદ્ધ-મેદાનમાં પણ માનવ-મૂલ્યોનું સન્માન

બર્બરતાના યુગમાં માનવતાનું વિસ્તરણ રણભૂમિ સુધી કરી દેવાયો. કડક આદેશો આપવામાં આવ્યા કે લાશોના અંગ કાપવામાં ન આવે કે તેને ચૂંથવામાં ન આવે, ન તો કોઈને ધોકો આપવામાં આવે, ન વિશ્વાસઘાત કરવામાં આવે, અને ન બેઈમાની કરવામાં આવે અને ન તો બાળકો, વૃદ્ધો અને સ્ત્રીઓને કતલ કરવામાં આવે, ન તો ખજૂર અને બીજા ફળદાર વૃક્ષોને કાપવામાં આવે કે ન તો બાળવામાં આવે, અને ન તો સંસાર-ત્યાગી સંતોને કે તે લોકોને સતાવવામાં આવે, જેઓ બંદગીમાં લાગેલા હોય. પોતાના કટ્ટરથી કટ્ટર શત્રુ સાથે પયગંબર સાહેબﷺનો પોતાનો વ્યવહાર આપ ﷺના અનુયાયીઓ માટે ઉત્તમ આદર્શ હતો. મક્કા ઉપર આપ ﷺના વિજય સમયે આપ ﷺ પોતાની અધિકાર શક્તિના સર્વોચ્ચ આસને બિરાજમાન હતા. તે નગર, જેણે આપ ﷺને અને આપ ﷺના સાથીઓને સતાવ્યા અને તકલીફો આપી, જેણે આપ ﷺને અને સાથીઓને દેશ-નિકાલ કર્યા અને જેણે આપ ﷺનો સામાજિક બહિષ્કાર કર્યો, જો કે આપ ﷺએ બસો માઈલથી વધુ દૂર આશ્રય લીધો હતા. તે નગર આજે આપ ﷺના ચરણોમાં હતું. યુદ્ધના નિયમો અનુસાર, આપ ﷺ અને આપ ﷺના સાથીઓ સાથે ક્રૂરતાપૂર્વકનો જે વ્યવહાર કરાયો હતો, તેનો બદલો લેવાનો આપ ﷺને પૂરો અધિકાર પ્રાપ્ત હતો, પરંતુ આપ ﷺએ આ નગરવાસીઓ સાથે કેવો વ્યવહાર કર્યો ? હઝરત મુહમ્મદ ﷺનું હૃદય પ્રેમ અને કરૂણાથી ઊભરાઈ ગયું. આપ ﷺએ ઘોષણા કરી, 'આજે તમારા ઉપર કોઈ આરોપ નથી અને તમે બધા આઝાદ છો.'

કટ્ટરશત્રુઓને પણ ક્ષમાદાન

આત્મરક્ષા માટે યુદ્ધની પરવાનગી આપવાના મુખ્ય લક્ષ્યોમાંથી એક એ પણ હતું કે માનવોને એકતાના સૂત્રમાં પરોવી દેવામાં આવે. તેથી જ્યારે આ

લક્ષ્ય પૂરું થઈ ગયું તો સૌથી ખરાબ શત્રુઓને પણ માફ કરી દેવાયા. ત્યાં સુધી કે એ લોકોને પણ માફ કરી દેવામાં આવ્યા, જેમણે આપ ﷺના વ્હાલા કાકા 'હમઝા' રદિ.ને કતલ કરીને તેમના શબને વિકૃત કર્યું અને પેટ ચીરી કાળજું કાઢીને ચાવ્યું હતું.

સિદ્ધાંતને વ્યવહારિકરૂપ આપનારા ઈશદૂત

સાર્વભૌમિક ભાઈચારાના નિયમ અને માનવ-સમાનતાના સિદ્ધાંત જેની ઘોષણા આપ ﷺએ કરી, તે એ મહાન યોગદાનનો પરિચય આપે છે, જે હઝરત મુહમ્મદ સ.અ.વ.એ માનવતાના સામાજિક ઉત્થાન માટે આપ્યું. આમ તો તમામ મોટા ધર્મોએ એક જ સિદ્ધાંતનો પ્રચાર કર્યો છે, પરંતુ ઇસ્લામના પયગંબર ﷺએ આ સિદ્ધાંતોને વ્યવહારિક રૂપ આપીને પ્રસ્તુત કર્યા. આ યોગદાનનું મૂલ્ય, સંભવતઃ તે વખતે પૂર્ણપણે સ્વીકારવામાં આવશે, જયારે આંતરરાષ્ટ્રીય ચેતના જાગી ઊઠશે, જાતીય પક્ષપાત અને પૂર્વગ્રહો સંપૂર્ણ રીતે નાબૂદ થઈ જશે અને માનવ-ભાઈચારાની મજબૂત ધારણા વાસ્તવિકતા બનીને લોકો સમક્ષ આવશે.

અલ્લાહ સમક્ષ રંક અને રાજા સૌ એક સમાન

ઇસ્લામના આ પાસા ઉપર વિચાર વ્યક્ત કરતાં સરોજિની નાયડુ કહે છે, ''આ પહેલો ધર્મ હતો, જેણે લોકશાહીનું શિક્ષણ આપ્યું અને તેને એક વ્યવહારૂ રૂપ આપ્યું. ઉદાહરણાર્થ, જયારે (મસ્જિદના) મિનારાઓ ઉપરથી અઝાન (નમાઝ માટેનો પોકાર) આપવામાં આવે છે અને બંદગી કરનારાઓ મસ્જિદોમાં એકઠા થઈ જાય છે, તો ઇસ્લામની લોકશાહી એક દિવસમાં પાંચ વખત સાકાર થાય છે, જયારે રંક અને રાજા એક-બીજાથી ખભે-ખભા મેળવીને ઊભા થાય છે અને પોકારે છે, ***''અલ્લાહુ અકબર''*** અર્થાત્ 'અલ્લાહ મહાન છે.' ભારતની મહાન કવિયિત્રી પોતાની વાત ચાલુ રાખતાં કહે છે, ''હું ઇસ્લામની આ અવિભાજ્ય એકતાને જોઈને ખૂબ પ્રભાવિત થઈ છું, જે લોકોને સહજ રૂપે એક-બીજાના ભાઈ બનાવી દે છે. જયારે તમે એક ઇજિપ્તવાસી, એક અલ્જિરિયાવાસી, એક ભારતીય અને એક તુર્કીને લંડનમાં મળો છો, તો આપ અનુભવ કરશો કે તેમની નજરમાં આ બાબતનું કોઈ મહત્ત્વ નથી કે એકનો સંબંધ ઇજિપ્તથી છે અને એકનું વતન ભારત વગેરે છે.''

માનવીય ભાઈચારો અને ઈસ્લામ

મહાત્મા ગાંધી પોતાની અદ્‌ભુત શૈલીમાં કહે છે કે, "કહેવાય છે કે યુરોપવાળા દક્ષિણ આફ્રિકામાં ઈસ્લામના પ્રસારથી ભયભીત છે, તે ઈસ્લામથી જેણે સ્પેનને સભ્ય બનાવ્યો, તે ઇસ્લામથી, જેણે મોરક્કો સુધી પ્રકાશ ફેલાવ્યો અને સંસારને ભાઈચારાનો પાઠ ભણાવ્યો, દક્ષિણ આફ્રિકાના યુરોપિયનો ઈસ્લામના વિસ્તારથી માત્ર એટલા માટે ભયભીત છે કે તેમના અનુયાયીઓ ગોરાઓ સાથે કયાંક સમાનતાની માંગ ન કરી બેસે. જો આવું છે તો પછી, તેમનું ડરવું યોગ્ય જ છે, જો ભાઈચારો એક પાપ છે, જો કાળા વંશના લોકોની ગોરાઓથી બરાબરી જ તે વસ્તુ છે, જેનાથી તેઓ ડરી રહ્યા છે, તો પછી (ઇસ્લામના પ્રસારથી) તેમના ડરવાનું કારણ પણ સમજમાં આવી જાય છે."

હજ્જઃ માનવ સમાનતાનું એક જીવંત પ્રમાણ

દુનિયા દર વર્ષે હજ્જના પ્રસંગે રંગ, વંશ, અને જાતિ વગેરેના ભેદભાવથી મુકત થઈ ઈસ્લામના ચમત્કારિક આંતરરાષ્ટ્રીય ભવ્ય પ્રદર્શન જુએ છે. યુરોપવાસીઓ જ નહીં, બલ્કે આફ્રિકાવાસી, ઈરાની, ભારતીય, ચીનવાસી વગેરે બધા મક્કામાં એક જ દિવ્ય પરિવારના સભ્યોના રૂપે એકત્ર થાય છે, બધાનો પહેરવેશ એક જેવો હોય છે. દરેક વ્યક્તિ સિલાઈ વગરની બે સફેદ ચાદરોમાં હોય છે, એક કમર ફરતે બંધાયેલી હોય છે અને બીજી ખભા પર નાખેલી હોય છે. બધાના માથા ખુલ્લા હોય છે. કોઈ આડંબર કે કૃત્રિમતાનું પ્રદર્શન નથી થતું. લોકોની જીભે આ જ શબ્દો હોય છે, 'હું હાજર છું ! હે ખુદા, હું તારા આજ્ઞાપાલન માટે હાજર છું. તું એક છે અને તારો કોઈ ભાગીદાર નથી.' આમ, કોઈ એવી વસ્તુ બાકી નથી રહેતી, જેના કારણે કોઈને મોટો કહેવાય અને કોઈને નાનો; અને પ્રત્યેક હાજી ઈસ્લામના આંતરરાષ્ટ્રીય મહત્ત્વનો પ્રભાવ લઈને ઘરે પાછો ફરે છે.

પ્રો. હર્ગરોન્જ (Hurgronje)ના શબ્દોમાં, "ઇસ્લામના પયગંબર દ્વારા સ્થાપિત રાષ્ટ્ર સંઘના આંતરરાષ્ટ્રીય એકતા અને માનવ-ભ્રાતૃત્વના નિયમોને એવા સાર્વભૌમિક આધારો ઉપર સ્થાપિત કર્યા છે; જે અન્ય રાષ્ટ્રોને માર્ગ દર્શાવતા રહેશે." તેઓ આગળ લખે છે: "વાસ્તવિકતા એ છે કે રાષ્ટ્ર સંઘની ધારણાને વાસ્તવિક રૂપ આપવા માટે ઇસ્લામનું જે યોગદાન છે, કોઈ પણ અન્ય રાષ્ટ્ર તેનું ઉદાહરણ પ્રસ્તુત કરી શકતું નથી."

ઈસ્લામઃ સમગ્ર વિશ્વ માટે એક પ્રકાશ-સ્તંભ

ઈસ્લામના પયગંબરે લોકતાંત્રિક શાસન પ્રણાલીને તેના ઉત્કૃષ્ટતમ્ રૂપમાં સ્થાપિત કરી. ખલીફા ઉમર રદિ. અને ઇસ્લામના પયગંબર ﷺના જમાઈ ખલીફા અલી રદિ., ખલીફા મન્સૂર, અબ્બાસ (ખલીફા મામૂનના પુત્ર અને અન્ય બીજા ખલીફાઓ અને મુસ્લિમ સુલતાનોને એક સામાન્ય વ્યક્તિની જેમ ઇસ્લામી અદાલતોમાં ન્યાયાધીશ સમક્ષ રજૂ થવું પડ્યું. આપણે સૌ જાણીએ છીએ કે કાળા નિગ્રો લોકો સાથે આજે પણ 'સભ્ય' સફેદ રંગવાળા કેવો વ્યવહાર કરે છે ? પછી, તમે આજથી ચૌદ શતાબ્દી પૂર્વે ઇસ્લામના પયગંબર ﷺના સમયના કાળા નિગ્રો બિલાલ રદિ. વિશે અનુમાન કરો. ઇસ્લામના આરંભિક કાળમાં નમાઝ માટે અઝાન આપવાની સેવાને અત્યંત આદરણીય અને સન્માનજનક પદ સમજવામાં આવતી હતી અને આ સન્માન આ ગુલામ નિગ્રોને પ્રદાન કરવામાં આવ્યું હતું. મક્કા ઉપર વિજય પછી તેમને આદેશ આપવામાં આવ્યો કે નમાઝ માટે અઝાન આપો અને આ કાળા રંગ અને મોટા હોઠોવાળા નિગ્રો ગુલામ રદિ. ઇસ્લામી જગતના સૌથી પવિત્ર અને ઐતિહાસિક ભવન, પવિત્ર કા'બાની છત ઉપર અઝાન આપવા માટે ચઢી ગયા. તે વખતે કેટલાક અભિમાની આરબોએ બુમરાણ કરી, 'ઓહ, ખરાબ થાય તેનું, તે કાળો હબશી ગુલામ અઝાન માટે પવિત્ર કા'બાની છત ઉપર ચઢી ગયો છે.

સંભવતઃ આ વંશીય ગર્વ અને પૂર્વગ્રહ હતો, જેના જવાબમાં આપ ﷺએ એક પ્રવચન આપ્યું. વાસ્તવમાં આ બંને બાબતોને જડ-મૂળમાંથી નાબૂદ કરવી આપ ﷺનું લક્ષ્ય હતું. પોતાના પ્રવચનમાં આપ ﷺએ ફરમાવ્યું, ''સમગ્ર પ્રશંસા અને આભાર અલ્લાહ માટે છે, જેણે આપણને અજ્ઞાનતાકાળના અભિમાન અને અન્ય બૂરાઈઓથી મુક્તિ આપી. હે લોકો, યાદ રાખો કે સમસ્ત માનવ-જાત માત્ર બે જ શ્રેણીઓમાં વહેંચાયેલી છે : ધર્મ-નિષ્ઠ અને અલ્લાહથી ડરવાવાળા લોકો, જે અલ્લાહની નજરમાં સન્માનનીય છે. બીજા, વિદ્રોહી, અત્યાચારી, અપરાધી અને કઠોર-હૃદયી લોકો છે, જેઓ અલ્લાહની નજરમાં પતિત અને તિરસ્કૃત છે. અન્યથા તમામ લોકો એક આદમની સંતાન છે, અને અલ્લાહે આદમનું માટીથી સર્જન કર્યું છે.'' આ જ બાબતની પુષ્ટિ કુર્આનમાં આ શબ્દોમાં કરવામાં આવી છેઃ

''હે લોકો, અમે તમને એક પુરુષ અને એક સ્ત્રીથી પેદા કર્યા અને તમારી વિભિન્ન જાતિઓ અને વંશ બનાવી દીધા, જેથી તમે એક-બીજાને ઓળખો, નિઃશંક અલ્લાહની દૃષ્ટિમાં તમારામાં સૌથી અધિક સન્માનનીય તે છે, જે (અલ્લાહથી)

સૌથી વધુ ડરવાવાળો છે. નિઃશંક, અલ્લાહ સર્વજ્ઞ અને સુમાહિતગાર છે."
(સૂરઃ હુજુરાત - ૧૩)

મહાન પરિવર્તન

આમ, પયગંબરે ઈસ્લામ ﷺ લોકોના હૃદયોમાં એવું જબરદસ્ત પરિવર્તન કરવામાં સફળ થઈ ગયા કે સૌથી પવિત્ર અને સન્માનિત સમજવામાં આવતા પરિવારના આરબોએ પણ નિગ્રો ગુલામની જીવનસાથી બનાવવા પોતાની પુત્રીઓથી લગ્નના પ્રસ્તાવ મૂકયા. ઈસ્લામના દ્વિતીય ખલીફા અને મુસલમાનોના અમીર (અધ્યક્ષ), જે ઈતિહાસમાં મહાન ઉમર (ફારૂકે આઝમ)ના નામે પ્રસિદ્ધ છે, આ નિગ્રો બિલાલને જોતાં તરત જ ઊભા થઈ જતા અને આ શબ્દોમાં તેમનું સ્વાગત કરતાઃ 'અમારા વડીલ, અમારા સરદાર આવી રહ્યા છે.' ધરતી ઉપર તે વખતની સૌથી અધિક સ્વાભિમાની કોમ—આરબોમાં કુર્આન અને પયગંબર મુહમ્મદ ﷺએ કેટલું મહાન પરિવર્તન કરી દીધું હતું! આ જ કારણ છે કે જર્મનીના એક મોટા કવિ ગોયટેએ પવિત્ર કુર્આન વિશે પોતાના ઉદ્ગાર વ્યકત કરતાં કહ્યું કેઃ "આ પુસ્તક દરેક યુગમાં લોકો ઉપર પોતાનો અત્યધિક પ્રભાવ નાખતું રહેશે" અને આ જ કારણે જ્યોર્જ બર્નાડ શોનું પણ કહેવું છેઃ "જો આવતા એકસો વર્ષમાં ઈંગ્લેન્ડ જ નહીં, બલ્કે સમગ્ર યુરોપ ઉપર કોઈ ધર્મના શાસનની સંભાવના છે, તો તે ઈસ્લામ છે."

ઈસ્લામઃ નારી ઉદ્ધારક

ઈસ્લામની આ લોકતાંત્રિક વિશેષતા છે, જેણે સ્ત્રીને પુરુષની દાસતાથી આઝાદી અપાવી. સર ચાર્લ્સ ઈ.એ. હેમિલ્ટને કહ્યું છેઃ "ઈસ્લામનું શિક્ષણ એ છે કે માનવ પોતાના સ્વભાવની રીતે બેગુનાહ (નિર્દોષ) છે. તે શીખવાડે છે કે સ્ત્રી અને પુરુષ બંને એક જ તત્ત્વથી પેદા થયાં, બંનેમાં એક જ આત્મા છે અને બંનેમાં તેની સમાન રૂપે ક્ષમતા છે કે તેઓ માનસિક, આધ્યાત્મિક અને નૈતિક દૃષ્ટિએ ઉન્નતિ કરી શકે."

સ્ત્રીઓને સંપત્તિ રાખવાનો અધિકાર

આરબોમાં એ પરંપરા સુદૃઢ રૂપે જોવા મળતી હતી કે વારસાનો અધિકારી માત્ર તે જ થઈ શકે છે, જે ભાલો અને તલવાર ચલાવવામાં સિદ્ધહસ્ત હોય,

પરંતુ ઈસ્લામ અબળાનો રક્ષક બનીને આવ્યો અને તેણે સ્ત્રીને પૈતૃક વારસામાં હિસ્સેદાર બનાવી. તેણે સ્ત્રીઓને આજથી સદીઓ પહેલાં સંપત્તિમાં મિલ્કતનો અધિકાર આપ્યો. તેની આશરે બાર સદીઓ પછી ઈ.સ. ૧૮૮૧માં તે ઈંગ્લેન્ડે, જે લોકતંત્રનો જન્મદાતા ગણાય છે, ઈસ્લામના આ સિદ્ધાંતને અપનાવ્યો અને તે માટે The Married Women Act (વિવાહિત મહિલાઓનો અધિનિયમ) નામે કાયદો પસાર થયો. પરંતુ આ ઘટનાથી બાર સદીઓ પહેલાં પયગંબરે ઈસ્લામ ﷺ આ ઘોષણા કરી ચૂક્યા હતાઃ ''સ્ત્રી-પુરુષના યુગલમાં સ્ત્રીઓ પુરુષોનો બીજો ભાગ છે. મહિલાઓના અધિકારોનો આદર થવો જોઈએ.'' – ''તેનું ધ્યાન રહે કે સ્ત્રીઓ પોતાના નિશ્ચિત અધિકારો મેળવી રહી છે (કે નહીં ?).''

પ્રકરણ - ૩

વિશ્વસનીય વ્યક્તિત્વ (અલ-અમીન)

સોનેરી સાધન

ઈસ્લામનો રાજનૈતિક અને આર્થિક વ્યવસ્થાથી પ્રત્યક્ષ સંબંધ નથી, બલ્કે આ સંબંધ અપ્રત્યક્ષ રૂપે છે અને જ્યાં સુધી રાજનૈતિક અને આર્થિક મામલાઓ મનુષ્યના આચાર-વ્યવહારને અસર કરે છે, તે હદમાં બંને ક્ષેત્રોમાં નિઃશંક તેણે ઘણાં અત્યંત મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતો પ્રતિપાદિત કર્યા છે. પ્રો, મેસિંગનના અનુસારઃ 'ઈસ્લામ બે પ્રતિકૂળ અંતિમ છેડાઓ વચ્ચે સંતુલન સ્થાપિત કરે છે અને ચરિત્ર-નિર્માણનું—જે સભ્યતાનો પાયો છે—હંમેશાં ધ્યાન રાખે છે''. આ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા અને સમાજ-વિરોધી તત્ત્વો ઉપર કાબૂ મેળવવા ઈસ્લામ પોતાના વારસાના કાનૂનો અને સંગઠિત અને અનિવાર્ય ઝકાત (ધર્મદાન)ની વ્યવસ્થાથી કામ લે છે તથા એકાધિકાર (ઈજારો), વ્યાજખોરી, અપ્રાપ્ય આવકો અને લાભોને પહેલાંથી જ નિશ્ચિત કરી લેવું, સંગ્રહખોરી (Hoarding), બજારનો તમામ માલ-સામાન ખરીદીને ભાવો વધારવા માટે કૃત્રિમ અછત ઊભી કરવી, આ બધા કામોને ઈસ્લામે નિષિદ્ધ ઘોષિત કર્યા છે. ઈસ્લામમાં જુગાર પણ અવૈધ છે. જ્યારે કે શિક્ષણ-સંસ્થાઓ, ઉપાસનાગૃહો અને ચિકિત્સાલયોની મદદ કરવા, કૂવા ખોદાવવા, અનાથાલયો સ્થાપવાને પુણ્યતમ કામો જાહેર કર્યા છે. કહેવામાં આવે છે કે અનાથાલયોની સ્થાપનાનો આરંભ ઈસ્લામના પયગંબર ﷺના શિક્ષણથી જ થયો. આજની દુનિયા પોતાના અનાથાલયોની સ્થાપના માટે પયગંબરે ઈસ્લામ ﷺની આભારી છે, જેઓ પોતે અનાથ હતા. કાર્લાઈલ પયગંબર મુહમ્મદ ﷺ વિશે પોતાના ઉદ્ગાર પ્રગટ કરતાં કહે છેઃ ''આ તમામ ભલાઈઓ દર્શાવે છે કે પ્રકૃતિની ગોદમાં ઉછરેલ આ રણપ્રદેશના સુપુત્ર ﷺના હૃદયમાં માનવતા, દયા અને સમતાની ભાવનાનો નૈસર્ગિક વાસ હતો.''

આ જ ઇતિહાસકારનું કથન છે કે કોઈ મહાન વ્યક્તિની પરખ ત્રણ બાબતોથી કરી શકાય છે. શું તેના સમકાલીન લોકોએ તેને સાહસિક, તેજસ્વી અને સાચા આચરણવાળો જોયો ? શું તેણે પોતાના યુગના સ્તરથી ઊંચા ઊઠવામાં નોંધપાત્ર મહાનતાનો પરિચય આપ્યો ? શું તેણે સામાન્ય રીતે સમગ્ર જગત માટે પોતાની પાછળ કોઈ સ્થાયી થાપણ મૂકી ? આ સૂચિને વધુ લાંબી કરી શકાય છે, પરંતુ જ્યાં સુધી પયગંબર મુહમ્મદ ﷺનો સંબંધ છે, તેઓ પારખવાની આ ત્રણ કસોટીઓ ઉપર પૂર્ણતઃ ખરા ઊતરે છે. અંતિમ બે વાતોના સંબંધમાં કેટલાક પ્રમાણોનો પહેલાં જ ઉલ્લેખ કરી દેવામાં આવ્યો છે.

આ ત્રણ કસોટીઓમાં પ્રથમ છે, શું પયગંબરે ઇસ્લામને આપ ﷺના સમકાલીન લોકોએ તેજસ્વી, સાહસિક અને સાચું આચરણવાળા જોયાં હતા ?

નિષ્કલંક આચરણ

ઐતિહાસિક દસ્તાવેજો સાક્ષી છે કે શું દોસ્ત, શું દુશ્મન – હઝરત મુહમ્મદ ﷺના બધા સમકાલીન લોકોએ જીવનના તમામ મામલાઓ અને બધા ક્ષેત્રોમાં ઇસ્લામના પયગંબરના ઉત્કૃષ્ટ ગુણો, આપ ﷺની નિષ્કલંક પ્રમાણિકતા, આપ ﷺના મહાન નૈતિક સદ્‌ગુણો તેમજ આપ ﷺની અપાર નિષ્કપટતા અને પ્રત્યેક શંકાથી મુકત આપ ﷺની વિશ્વસનીયતાનો સ્વીકાર કર્યો છે. ત્યાં સુધી કે યહૂદી અને તે લોકો, જેમને આપ ﷺના સંદેશ પર વિશ્વાસ ન હતો, તેઓ પણ પોતાના ઝઘડાઓમાં આપ ﷺને પંચ કે મધ્યસ્થી બનાવતા હતા, કેમ કે તેમને આપ ﷺના બિનપક્ષપાત ઉપર સંપૂર્ણ શ્રદ્ધા હતી. તે લોકો પણ, જેઓ આપ ﷺના સંદેશ ઉપર વિશ્વાસ રાખતા ન હતા , એવું કહેવા વિવશ હતા કે, ‘હે મુહમ્મદ ﷺ, અમે તમને જૂઠા નથી કહેતા, બલ્કે તેનો ઇન્કાર કરીએ છીએ, જેણે તમને ગ્રંથ આપ્યો અને જેણે તમને રસૂલ બનાવ્યા.'' તેઓ સમજતા હતા કે આપ ﷺના ઉપર કોઈ (જિન વગેરે)ની અસર છે, જેનાથી છુટકારો મેળવવા માટે આપ ﷺના વિરુદ્ધ હિંસા સુદ્ધાં ઉપર ઊતરી આવ્યા છે.

પરંતુ તેઓમાં જે શ્રેષ્ઠ લોકો હતા, તેમણે જોયું કે આપ ﷺના ઉપર એક નવીન પ્રકાશ અવતરિત થયો છે અને તેઓ તે જ્ઞાનને પામવા દોડી ગયા. ઇસ્લામના પયગંબર ﷺના જીવન-ઇતિહાસની આ વિશિષ્ટતા ઉલ્લેખનીય છે કે આપ ﷺના નિકટતમ્ સગાંઓ, આપ ﷺના પ્રિય પિતરાઈ ભાઈ, આપ ﷺના

ઘનિષ્ટ મિત્ર, જે આપ ﷺને ખૂબ નજીકથી જાણતા હતા, તેઓએ આપ ﷺના સંદેશની સચ્ચાઈને હૃદયથી માની અને તે જ પ્રકારે આપ ﷺની પયગંબરી (ઈશદૂતત્વ)ની સત્યતાનો પણ સ્વીકાર કર્યો. પયગંબર મુહમ્મદ ﷺ ઉપર ઈમાન લઈ આવનારાં આ કુળવાન શિક્ષિત અને બુદ્ધિશાળી મહિલાઓ અને પુરુષો આપ ﷺના વ્યક્તિગત જીવનથી સારી રીતે પરિચિત હતા. તેઓ આપ ﷺના વ્યક્તિત્વમાં જો દગાબાજી અને છળકપટની સ્હેજ પણ ઝલક જોતાં અથવા આપ ﷺમાં ધન-લોલુપતા જોતાં અથવા આપ ﷺમાં આત્મ-વિશ્વાસની કમી જોતાં તો આપ ﷺના ચરિત્ર-નિર્માણ, આત્મિક જાગૃતિ અને સમાજોદ્ધારની તમામ આશાઓ ધ્વસ્ત થઈને રહી જતી. એક નવીન ભવનના નિર્માણ માટે આપ ﷺનું ઊભું કરેલ સમગ્ર માળખું એક જ ક્ષણમાં ધરાશાયી થઈ જતું. તેનાથી વિપરીત આપણે જોઈએ છીએ કે આપ ﷺના અનુયાયીઓની નિષ્ઠા અને આપ ﷺના પ્રત્યે તેમના સમર્થનની એ સ્થિતિ હતી કે તેઓએ સ્વેચ્છાએ પોતાનું જીવન આપ ﷺને સમર્પિત કરીને આપ ﷺનું નેતૃત્વ સ્વીકાર કરી લીધું. તેમણે આપ ﷺના માટે યાતનાઓ અને જોખમોને વીરતાથી સહન કર્યા, આપ ﷺ ઉપર ઈમાન લાવ્યા, આપ ﷺનો વિશ્વાસ કર્યો, આપ ﷺની આજ્ઞાઓનું પાલન કર્યું, તેમજ આપ ﷺનું હૃદયપૂર્વક સન્માન કર્યું તથા આ બધું જ તેમણે હૃદયદ્રાવક યાતનાઓ છતાં કર્યું અને સામાજિક બહિષ્કારથી ઉત્પન્ન ઘોર માનસિક તકલીફોને શાંતિપૂર્વક સહન કરી. ત્યાં સુધી કે તેમણે મૃત્યુ સુદ્ધાંની દરકાર ન કરી. શું આ બધું તે હાલતમાં પણ સંભવ હોઈ શકતું, જો તેઓ પોતાના નેતામાં સ્હેજ પણ ભ્રષ્ટતા કે અનૈતિકતા જોતાં ?

પયગંબરથી અપાર પ્રેમ

પ્રારંભિક કાળમાં ઇસ્લામ સ્વીકાર કરનારાઓના ઐતિહાસિક પ્રસંગો વાંચો તો આ નિર્દોષ પુરુષો અને મહિલાઓ ઉપર આચરવામાં આવેલ અમાનુષી અત્યાચારોને જોઈને કયું દિલ છે, જે રડી ન પડે ? એક નિરપરાધ મહિલા સુમૈયા રદિ.ને નિર્દયી રીતે ભાલો મારી-મારીને ખતમ કરી નાખવામાં આવી. એક ઉદાહરણ યાસિર રદિ.નું પણ છે, જેમના બંને પગને અલગ અલગ બે ઊંટોથી બાંધી દેવામાં આવ્યા અને પછી તે ઊંટોને વિપરિત દિશામાં હાંકવામાં આવ્યા. ખબ્બાબ બિન અરત રદિ.ને ધગધગતા કોલસાઓ ઉપર સુવડાવીને નિર્દયી, અત્યાચારી તેમની છાતી ઉપર ઊભો થઈ ગયો, જેથી તે હાલી-ચાલી ન શકે, ત્યાં

સુધી કે તેમની ચામડી બળી ગઈ અને ચરબી પીગળીને વહેવા લાગી તેમજ ખબ્બાબ બિન અરત રદિ.ના માંસને નિર્મમતાથી ખેંચી-ખેંચીને અને તેમના અંગો કાપી-કાપીને તેમની હત્યા કરવામાં આવી. આ યાતનાઓ વચ્ચે તેમનાથી પૂછવામાં આવ્યું, 'શું તેઓ હવે એવું નહીં ચાહે કે તેમની જગ્યાએ પયગંબર મુહમ્મદ ﷺ હોત ?' (જેઓ તે વખતે પોતાના ઘરના લોકો સાથે હતા.) તો પીડિત ખબ્બાબ રદિ.એ ઊંચા સ્વરે કહ્યું કે, 'પયગંબર મુહમ્મદ ﷺને એક કાંટો વાગવાની સામાન્ય તકલીફથી બચાવવા માટે પણ તે પોતાના પ્રાણ, પોતાના બાળકો અને પરિવાર, પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવા તૈયાર છે.' આ પ્રકારના અનેક હૃદયદ્રાવક પ્રસંગો રજૂ કરી શકાય છે, પરંતુ આ તમામ ઘટનાઓ છેવટે શું સિદ્ધ કરે છે ? એવું કેવી રીતે થઈ શક્યું કે ઇસ્લામના આ સુપુત્રો અને સુપુત્રીઓએ પોતાના પયગંબર પ્રત્યે માત્ર નિષ્ઠા જ ન બતાવી, બલ્કે તેમણે પોતાના તન, હૃદય અને આત્માનું નજરાણું પણ પ્રસ્તુત કર્યું ? પયગંબર મુહમ્મદ ﷺ પ્રત્યે તેમના નિકટતમ્ અનુયાયીઓની આ દૃઢ આસ્થા અને વિશ્વાસ, શું તે કાર્ય પ્રત્યે, જે પયગંબર મુહમ્મદ ﷺને સોંપવામાં આવ્યું હતું, તેમની ઈમાનદારી, નિષ્પક્ષતા અને તન્મયતાનું અત્યંત ઉત્તમ પ્રમાણ નથી ?

સામર્થ્યવાન અનુયાયી

ધ્યાનમાં રહે કે આ લોકો ન તો નિમ્ન સ્તરના હતા અને ન ઓછી બુદ્ધિવાળા. આપ ﷺના મિશનના આરંભિક કાળમાં જે લોકો આપ ﷺની પાસે એકઠા થયા, તે મક્કાના શ્રેષ્ઠતમ્ લોકો હતા, તેના પુષ્પો અને માખણ, ઊંચા દરજ્જાના ધનવાન અને સભ્ય હતા. તેઓમાં આપ ﷺના કુટુંબ અને પરિવારના નજીકના લોકો પણ હતા, જેઓ આપ ﷺની અંગત અને બાહ્ય જિંદગીથી સારી રીતે પરિચિત હતા. આરંભના ચારેય ખલીફાઓ પણ, જેઓ મહાન વ્યક્તિત્વના માલિક બન્યા, ઇસ્લામના પ્રારંભિક કાળમાં જ ઇસ્લામમાં દાખલ થયા.

'ઍન્સાયક્લોપીડિયા ઓફ બ્રિટાનિકા'માં ઉલ્લેખ છે: "સમસ્ત પયગંબરો અને ધાર્મિક ક્ષેત્રના મહાન વ્યક્તિત્વોમાં મુહમ્મદ ﷺ સૌથી વધુ સફળ થયા છે", પરંતુ આ સફળતા કોઈ આકસ્મિક વસ્તુ ન હતી, ન એવું જ હતું કે આ આકાશમાંથી અચાનક આવી પડી હોય, બલ્કે આ તે વાસ્તવિકતાનું ફળ હતી કે આપ ﷺના સમકાલીન લોકોએ આપ ﷺના વ્યક્તિત્વને સાહસિક અને નિષ્કપટ જોયું. આ આપ ﷺના પ્રશંસનીય અને અત્યંત પ્રભાવશાળી વ્યક્તિત્વનું ફળ હતું.

પ્રકરણ - ૪

સત્યવાદી (અસ્-સાદિક)

માનવ જીવન માટે નમૂના

પયગંબર મુહમ્મદ ﷺના વ્યક્તિત્વની બધી હકીકતોને જાણી લેવી ખૂબ જ કઠિન કામ છે. હું તો તેમની માત્ર કેટલીક ઝાંખી જ જોઈ શક્યો છું. આપ ﷺના વ્યક્તિત્વના કેવા-કેવા મોહક દૃશ્યો નિરંતર નાટકીય પ્રભાવની સાથે આપણી સમક્ષ આવે છે. પયગંબર મુહમ્મદ ﷺ ઘણી હેસિયતોથી આપણી સામે આવે છે. મુહમ્મદ પયગંબર, મુહમ્મદ જનરલ, મુહમ્મદ શાસક, મુહમ્મદ યોદ્ધા, મુહમ્મદ વેપારી, મુહમ્મદ ઉપદેશક, મુહમ્મદ દાર્શનિક, મુહમ્મદ રાજનીતિજ્ઞ, મુહમ્મદ વકતા, મુહમ્મદ સમાજ સુધારક, મુહમ્મદ અનાથોના સહાયક, મુહમ્મદ ગુલામોના રક્ષક, મુહમ્મદ સ્ત્રી વર્ગનો ઉદ્ધાર કરનારા અને તેમને બંધનોમાંથી મુકત કરનારા, મુહમ્મદ ન્યાય કરનારા, મુહમ્મદ સંત અને આ તમામ મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ અને માનવ-કાર્ય ક્ષેત્રોમાં આપ ﷺની હેસિયત સમાન રૂપે એક મહાન નાયકની છે.

અનાથ અવસ્થા અત્યંત લાચારી અને અસહાય સ્થિતિનું બીજું નામ છે અને આ જગતમાં આપ ﷺના જીવનની શરૂઆત આ જ સ્થિતિથી થઈ. રાજ સત્તા આ સંસારમાં ભૌતિક શક્તિની ચરમસીમા હોય છે અને આપ ﷺ શક્તિની આ ચરમસીમા પ્રાપ્ત કરીને દુનિયાથી રૂખસદ થયા. આપ ﷺના જીવનનો આરંભ એક અનાથ બાળકના રૂપમાં થાય છે, પછી આપણે આપ ﷺને એક પીડિત નિરાશ્રિતના રૂપમાં જોઈએ છીએ અને અંતમાં આપણે જોઈએ છીએ કે આપ ﷺ સમગ્ર કોમના દુનિયાવી અને આધ્યાત્મિક નેતા અને તેઓના નસીબના માલિક થઈ ગયા છે. આપ ﷺને જે અજમાયશો, પ્રલોભનો, મુશ્કેલીઓ અને પરિવર્તનો આ માર્ગમાં જ નહીં, બલ્કે તે જીવનના તમામ ક્ષેત્રોમાં વ્યાપ્ત છે.

ઉદાહરણ રૂપે, જો મહાનતા તેના ઉપર નિર્ભર કરે છે કે કોઈ એવી જાતિની સુધારણા કરવામાં આવે, જે સર્વથા પશુતા અને અસભ્યતામાં ગ્રસ્ત હોય અને નૈતિક દષ્ટિએ તે અત્યંત અંધકારમાં ડૂબેલ હોય, તો તે શક્તિશાળી વ્યક્તિ આપ ﷺ છે, જેમણે આરબો જેવી અત્યંત પડતીમાં ગ્રસ્ત કોમને ઊંચી ઉઠાવી, તેને સભ્યતાથી સુસજ્જ કરીને કંઈથી કંઈ કરી નાખી, તેમણે તેને દુનિયામાં જ્ઞાન અને સભ્યતાનો પ્રકાશ ફેલાવનાર બનાવી દીધી. આ રીતે આપ ﷺનું મહાન હોવું પૂર્ણ રૂપે સિદ્ધ થઈ જાય છે. જો મહાનતા એમાં છે કે કોઈ સમાજના પરસ્પર વિરોધી અને વેર-વિખેર તત્ત્વોને ભાઈચારા અને દયાભાવના બંધનોમાં બાંધી દેવામાં આવે તો રણપ્રદેશમાં જન્મેલ પયગંબર ﷺ નિઃસંદેહ આ વિશિષ્ટતા અને પ્રતિષ્ઠાને પાત્ર છે. જો મહાનતા તે લોકોની સુધારણા કરવામાં છે, જેઓ અંધશ્રદ્ધાઓ અને આ પ્રકારની હાનિકારક પ્રથાઓ અને આદતોમાં ગ્રસ્ત હોય તો પયગંબરે ઈસ્લામ ﷺએ લાખો લોકોને અંધશ્રદ્ધાઓ અને પાયાવિહિન ભયથી મુક્ત કર્યા. જો મહાનતા ઉચ્ચ આચરણ ઉપર આધારિત હોય છે, તો શત્રુઓ અને મિત્રો, બંનેએ મુહમ્મદ સાહેબ ﷺને 'અલ-અમીન' અને 'અલ સાદિક' અર્થાત્ વિશ્વસનીય અને સત્યવાદી સ્વીકાર કર્યા છે. જો એક વિજેતા મહાનતાને પાત્ર છે, તો આપ ﷺ એક એવા વ્યક્તિ છે, જેઓ અનાથો, અસહાય અને સાધારણ વ્યક્તિની સ્થિતિમાંથી ઊભર્યા અને ખુસરૌ (ઈરાનનો બાદશાહ) અને કૈસર (રોમનો બાદશાહ)ની જેમ આરબ ઉપમહાદ્વીપના સ્વતંત્ર શાસક બન્યા. આપ ﷺએ એક એવું મહાન રાજ્ય સ્થાપિત કર્યું, જે ચૌદ સદીઓની લાંબી મુદત વીતી ગયા છતાં આજે પણ મોજૂદ છે, અને જો મહાનતાનું માપદંડ તે સમર્પણ છે, જે કોઈ નાયકને તેના અનુયાયીઓથી પ્રાપ્ત છે, તો આજે પણ સમગ્ર સંસારમાં ફેલાયેલ કરોડો આત્માઓને મુહમ્મદ ﷺનું નામ જાદુની જેમ સંમોહિત કરે છે.

નિરક્ષર ઈશદૂત

આપ ﷺએ એથેન્સ, રોમ, ઈરાન, ભારત કે ચીનના જ્ઞાન કેન્દ્રોથી દર્શનનું જ્ઞાન પ્રાપ્ત ન હતું કર્યું, પરંતુ આપ ﷺએ માનવતાને ચિરસ્થાયી મહત્ત્વની ઉચ્ચત્તમ યથાર્થતાઓથી પરિચિત કરાવી. તેઓ નિરક્ષર હતા, પરંતુ તેઓને એવા ભાવપૂર્ણ અને ઉત્સાહપૂર્ણ ભાષણ કરવાની યોગ્યતા પ્રાપ્ત હતી કે લોકો ભાવ-વિભોર થઈ

જતા અને તેમની આંખોથી આંસુ નીકળી પડતા. તેઓ અનાથ હતા અને નિર્ધન પણ, પરંતુ પ્રત્યેક માણસના હૃદયમાં તેમના પ્રત્યે પ્રેમભાવ હતો. તેમણે કોઈ સૈન્ય-અકાદમીમાં શિક્ષણ ગ્રહણ કર્યું ન હતું, પરંતુ તે પછી પણ તેમણે ભયંકર મુશ્કેલીઓ અને અવરોધો છતાં સૈન્ય-શક્તિ એકત્ર કરી અને પોતાની આત્મ-શક્તિના બળે, જેમાં આપ ﷺ અગ્રેસર હતા, કેટલાય વિજયો મેળવ્યા. કુશળતાપૂર્ણ ધર્મ-પ્રચાર કરવાવાળા ઈશ્વરદત્ત યોગ્યતાઓના લોકો ઓછાં જ મળે છે. ડેકાર્ડ અનુસાર, 'આદર્શ ઉપદેશક સંસારના દુર્લભતમ્ જીવોમાંથી છે''. હિટલરે પોતાના પુસ્તક 'Mein Kamp' (મારી જીવનગાથા)માં આ જ પ્રકારનો વિચાર વ્યક્ત કર્યો છે. તે લખે છેઃ ''મહાન સિદ્ધાંત-શાસ્ત્રી ક્યારેક જ મહાન નેતા હોય છે, તેનાથી વિપરીત એક આંદોલનકારી વ્યક્તિમાં નેતૃત્વની કાબેલિયતો અધિક હોય છે. તે એક સારો નેતા તો અવશ્ય હશે, કેમ કે નેતૃત્વનો અર્થ થાય છે, પ્રજાને પ્રભાવિત અને સંચાલિત કરવાની ક્ષમતા. પ્રજાના નેતૃત્વની ક્ષમતાનો નવીન વિચારો આપવાની યોગ્યતાથી કોઈ સંબંધ નથી''. પરંતુ આગળ તે કહે છે, ''આ ધરતી ઉપર એક જ વ્યક્તિ સિદ્ધાંત-શાસ્ત્રી પણ હોય, સંયોજક પણ હોય અને નેતા પણ, આ દુર્લભ છે. પરંતુ મહાનતા તેમાં નિહિત છે પયગંબરે ઈસ્લામ મુહમ્મદ ﷺના વ્યક્તિત્વમાં જગતની આ દુર્લભતમ ઉપલબ્ધિને સજીવ અને સાકાર થતી જોઈ છે.''

તેનાથી પણ વધુ આશ્ચર્યજનક બાબત છે, તે ટિપ્પણી, જે બાવર્થ સ્મિથે કરી છેઃ 'તેઓ જે રીતે સાંસારિક રાજ્યસત્તાના પ્રમુખ હતા, તે જ રીતે ધાર્મિક આગેવાન પણ હતા. જાણે પોપ અને કૈસર બંનેનું વ્યક્તિત્વ તેમના એકલામાં એકીકરણ થઈ ગયું હતું ! તેઓ 'સીઝર' (બાદશાહ) પણ હતા અને 'પોપ' (ધર્મગુરૂ) પણ. તેઓ 'પોપ' હતા, પરંતુ 'પોપ'ના આડંબરથી મુક્ત, અને તેઓ એવા 'કૈસર' હતા, જેમની પાસે રાજવી ઠાઠ-માઠ, આગળ-પાછળ અંગરક્ષકો અને રાજમહેલ ન હતા, રાજસ્વ પ્રાપ્તિની વિશિષ્ટ વ્યવસ્થા ! જો કોઈ વ્યક્તિ એમ કહેવડાવવાનો અધિકારી હોય કે તેણે દૈવી અધિકારથી રાજ કર્યું, તો તે મુહમ્મદ ﷺ જ હોઈ શકે છે, કેમ કે તેમને બાહ્ય સાધનો અને સહાયક ચીજો વિના રાજ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત હતું. આપ ﷺને એ વાતની કોઈ પરવા ન હતી કે જે શક્તિ આપ ﷺને પ્રાપ્ત છે, તેનું પ્રદર્શન કરવાનું આયોજન કરે. આપ ﷺના અંગત જીવનમાં જે સાદગી હતી, તે જ સાદગી આપ ﷺના સાર્વજનિક જીવનમાં પણ જોવા મળતી હતી.''

મુહમ્મદ ﷺ પોતાનું કામ સ્વયં કરનાર

મક્કા-વિજય પછી ૧૦ લાખ વર્ગ માઈલથી અધિક જમીન આપ ﷺના ચરણો હેઠળ હતી. આપ ﷺ સમગ્ર અરબસ્તાનના માલિક હતા, છતાં પણ આપ ﷺ તે જાડા-મોટા ઊનના વસ્ત્રો અને પગરખાની મરમ્મત જાતે જ કરતા, બકરીઓ દોહતા, ઘરમાં કચરો વાળતા, આગ સળગાવતા અને ઘર-પરિવારના નાનામાં નાના કામ પણ જાતે કરી લેતા. પોતાના જીવનના અંતિમ દિવસોમાં આખું મદીના શહેર ધનવાન થઈ ચૂક્યું હતું. દરેક ઠેકાણે સોના-ચાંદીનો અંબાર હતો, પરંતુ તેમ છતાં 'આરબના આ સમ્રાટ'ના ઘરના ચૂલામાં કેટ-કેટલાય અઠવાડિયાઓ સુધી આગ ન સળગતી તથા ખજૂરો અને પાણી પર ગુજરાન ચાલતું હતું. આપﷺના ઘરવાળાઓની કેટલીય રાત્રીઓ ભૂખ્યા પેટે નીકળી જતી, કેમ કે તેમની પાસે સાંજે ખાવા માટે કંઈ પણ ન રહેતું. આખો દિવસ વ્યસ્ત રહ્યા પછી આપ ﷺ નરમ ગાદલા પર નહીં, પરંતુ ખજૂરની ચટાઈ પર સૂઈ રહેતા. ઘણી વખત એવું થતું કે આપ ﷺની આંખોથી આંસુ વહેતા રહેતા અને આપ ﷺ પોતાના સૃષ્ટાથી તે પ્રાર્થનાઓ કરતા રહેતા કે તે આપ ﷺને એવી શક્તિ આપે કે આપ ﷺ પોતાના કર્તવ્યોને પૂરા કરી શકે. રિવાયતોથી માલૂમ થાય છે કે રોતાં રોતાં આપ ﷺનો અવાજ રૂંધાઈ જતો હતો અને એવું લાગતું, જાણે કોઈ વાસણ આગ ઉપર મૂક્યું હોય અને તેમાં પાણી ઊકળવા લાગ્યું હોય ! આપ ﷺના દેહાંત સમયે આપ ﷺની કુલ પૂંજી થોડાક સિક્કા હતા, જેનો એક ભાગ કરજ અદા કરવામાં કામ આવ્યો અને બાકીનો જરૂરતમંદને આપી દેવામાં આવ્યો, જે આપ ﷺના ઘરે દાન માંગવા આવી ગયો હતો. જે વસ્ત્રોમાં આપ ﷺએ અંતિમ શ્વાસ લીધા, તેમાં અનેક થીંગડા લાગેલા હતા. તે ઘર, જયાંથી સમગ્ર દુનિયામાં પ્રકાશ ફેલાયો, તે બાહ્ય રીતે અંધકારમાં ડૂબેલું હતું, કેમ કે દીવો સળગાવવા ઘરમાં તેલ ન હતું.

અનુકૂળ-પ્રતિકૂળઃ પ્રત્યેક પરિસ્થિતિમાં એક સમાન

સંજોગો બદલાઈ ગયા, પરંતુ ખુદાના પયગંબર ﷺ ન બદલાયા. વિજય થયો હોય કે પરાજય, સત્તા પ્રાપ્ત થઈ હોય કે તેનાથી વિપરીત સ્થિતિ હોય, ખુશહાલી હોય કે ગરીબી, પ્રત્યેક અવસ્થામાં આપ એક જેવા જ રહ્યા, કયારેય પણ આપ ﷺના ઉચ્ચ ચારિત્ર્યમાં અંતર ન આવ્યું. ખુદાના માર્ગ અને તેના કાનૂનની જેમ ખુદાના પયગંબરોમાં પણ કયારેય કોઈ ફેરફાર નથી આવી શકતો.

પ્રકરણ - ૫

સંસાર માટે એક સંપૂર્ણ વારસો
સત્યતાથી પણ વધુ

એક કહેવત છે – ઈમાનદાર વ્યક્તિ ખુદાની છે. મુહમ્મદ ﷺ તો ઈમાનદારથી પણ શ્રેષ્ઠ હતા. તેમના અંગ-અંગમાં માનવતા વસેલી હતી. માનવ સહાનુભૂતિ અને પ્રેમ તેમના આત્માનું સંગીત હતું. માનવ-સેવા, તેનું ઉત્થાન, તેના આત્માને વિકસિત કરવો, તેને શિક્ષિત કરવો, ટૂંકમાં એ કે માનવને માનવ બનાવવો તેમનું મિશન હતું. તેમનું જીવવું, તેમનું મરવું બધું જ એક લક્ષ્ય માટે સમર્પિત હતું. તેમના આચાર-વિચાર, વચન અને કર્મનો એક માત્ર દિશા-નિર્દેશક સિદ્ધાંત અને પ્રેરણા-સ્રોત માનવતાની ભલાઈ હતી.

આપ ﷺ અત્યંત વિનયી અને સુશીલ, પ્રત્યેક આડંબરથી મુક્ત અને એક આદર્શ નિઃસ્વાર્થી હતા. તેમણે પોતાના માટે કયા-કયા ઇલકાબો પસંદ કર્યા ? માત્ર બે : અલ્લાહનો બંદો અને તેનો પયગંબર. બંદો (દાસ) પહેલાં, પછી પયગંબર. આપ ﷺ તેવા જ પયગંબર અને સંદેશવાહક હતા, જેવાં જગતના પ્રત્યેક ભાગમાં અન્ય ઘણા પયગંબરો અ.સ. આવી ગયા છે. જેમાંથી કેટલાકને આપણે જાણીએ છીએ અને ઘણાને નથી જાણતા. જો આ સચ્ચાઈઓમાંથી કોઈ એકથી પણ ઈમાન નીકળી જાય તો વ્યક્તિ મુસલમાન નથી રહેતી. આ તમામ મુસલમાનોની પાયાની આસ્થાઓ છે.

એક યુરોપિયન વિચારકનું કથન છેઃ "તે વખતની પરિસ્થિતિ અને તેમના અનુયાયીઓની તેમના પ્રત્યે અસીમ શ્રદ્ધાને જોતાં પયગંબર ﷺની સૌથી મોટી વિચિત્રતા એ છે કે તેમણે ક્યારેય મોઅ્જિઝા (ચમત્કાર) બતાવી શકવાનો દાવો નથી કર્યો." આપ ﷺનાથી ઘણા ચમત્કાર જાહેર થયા, પરંતુ તે ચમત્કારોનું

પ્રયોજન ધર્મનો પ્રચાર ન હતો. તેનો શ્રેય આપ ﷺએ સ્વયં ન લઈને પૂર્ણતઃ અલ્લાહને અને તેની અલૌકિક રીતોને આપ્યો, જે મનુષ્યો માટે રહસ્યમય છે. આપﷺ સ્પષ્ટ શબ્દોમાં કહેતા હતા કે તેઓ પણ બીજા માણસોની જેમ જ એક માણસ છે. આપ ﷺ જમીન અને આકાશોના ખજાનાઓના માલિક નથી. આપ ﷺએ કદી એ દાવો નથી કર્યો કે ભવિષ્યના ગર્ભમાં શું રહસ્ય છુપાયેલા છે. આ બધું તે જમાનામાં થયું, જ્યારે કે આશ્ચર્યજનક ચમત્કારો બતાવવા સાધુ-સંતો માટે એક મામૂલી વાત સમજવામાં આવતી હતી અને જ્યારે કે આરબ હોય કે અન્ય દેશ, સમગ્ર વાતાવરણ અદૃષ્ય અને અલૌકિક સિદ્ધિઓના ચક્કરમાં ગ્રસ્ત હતા.

આપ ﷺએ પોતાના અનુયાયીઓનું ધ્યાન પ્રકૃતિ અને તેના નિયમોના અધ્યયન તરફ ફેરવી નાખ્યું, જેથી તેઓ તેને સમજે અને અલ્લાહની મહાનતાના ગુણગાન કરે.

કુર્આન કહે છે –

"આ આકાશો અને ધરતી અને તેમની વચ્ચેની વસ્તુઓ અમે કંઈ રમત તરીકે નથી બનાવી. આમને અમે સત્યપૂર્વક પેદા કરેલ છે."

(સૂરઃદુખાન, ૩૮-૩૯)

વિજ્ઞાનઃ મુહમ્મદ ﷺનો વારસો

આ જગત ન કોઈ ભ્રમ છે અને ન ઉદ્દેશ્યરહિત, બલ્કે તેને સત્યની સાથે પેદા કરવામાં આવ્યું છે. કુર્આનની તે આયતોની સંખ્યા, જેમાં પ્રકૃતિના સૂક્ષ્મ નિરીક્ષણનું આહ્વાન કરવામાં આવ્યું છે, તે બધી આયતોથી કેટલાય ગણી વધુ છે, જે નમાઝ, રોઝા, હજ્જ વગેરે આદેશોથી સંબંધિત છે. આ આયતોની અસર લઈને મુસલમાનોએ પ્રકૃતિનું નજીકથી નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું. જેણે નિરીક્ષણ અને પરીક્ષણ તેમજ પ્રયોગ માટે એવી વૈજ્ઞાનિક મનોવૃત્તિને જન્મ આપ્યો, જેનાથી યુનાનીઓ પણ અનભિજ્ઞ હતા. મુસ્લિમ વનસ્પતિશાસ્ત્રી ઇબ્ને બેતારે જગતના તમામ ભૂભાગોથી છોડ એકત્ર કરીને વનસ્પતિશાસ્ત્ર ઉપર તે પુસ્તક લખ્યું, જેને મેયર (Mayer)એ પોતાના પુસ્તક Geshder Botanica'માં 'કઠિન પરિશ્રમનો પ્રાચીન ખજાનો' એવી સંજ્ઞા આપી છે. અલ બેરૂનીએ ચાળીસ વર્ષો સુધી પ્રવાસ કરીને ખનિજ પદાર્થોના નમૂનાઓ એકત્ર કર્યા અને મુસ્લિમ ખગોળશાસ્ત્રીઓ ૧૨ વર્ષોથી વધુ મુદ્દત સુધી નિરીક્ષણ અને પરીક્ષણમાં લાગેલા

રહ્યા, જ્યારે કે અરસ્તુ (એરિસ્ટોટલ)એ એક પણ પરીક્ષણ કર્યા વગર ભૌતિકશાસ્ત્ર ઉપર કલમ ઉઠાવી અને ભૌતિકશાસ્ત્રનો ઇતિહાસ લખતા સમયે તેની બેદરકારીની એ સ્થિતિ હતી કે તેણે લખી નાખ્યું કે 'મનુષ્યના દાંત પશુથી વધુ હોય છે, પરંતુ તેને સિદ્ધ કરવા માટે કોઈ તકલીફ ન ઉઠાવી, જો કે આ કોઈ મુશ્કેલ કામ ન હતું'.

પાશ્ચાત્ય દેશો પર આરબોનું ઋણ

શરીર-રચનાશાસ્ત્રના મહાન જ્ઞાતા શૈલને બતાવ્યું છે કે મનુષ્યના નીચેના જડબામાં બે હાડકાંઓ હોય છે, આ કથનને સદીઓ સુધી કોઈ પણ પડકાર વિના અસંદિગ્ધ રૂપે સ્વીકાર કરી લેવામાં આવતું રહ્યું, ત્યાં સુધી કે એક મુસ્લિમ વિદ્વાન અબ્દુલ લતીફે એક માનવીય હાડપિંજરનું પોતે નિરીક્ષણ કરીને સાચી વાતથી દુનિયાને અવગત કરાવી. આમ, અનેક ઘટનાઓને ઉદ્ધૃત કરતાં રૉબર્ટ બ્રીફ્ફૉલ્ટ પોતાના પ્રસિદ્ધ પુસ્તક 'The Making of Humanity' (માનવતાનું સર્જન)માં પોતાના વિચારો આ શબ્દોમાં વ્યક્ત કરે છે –

''આપણા વિજ્ઞાન ઉપર આરબોનો આભાર માત્ર તેમની આશ્ચર્યજનક શોધો અથવા ક્રાંતિકારી સિદ્ધાંતો અને પરિકલ્પનાઓ સુધી સીમિત નથી, બલ્કે વિજ્ઞાન ઉપર આરબ સભ્યતાનો તેનાથી ઘણો વધારે ઉપકાર છે અને તે છે, સ્વયં વિજ્ઞાનનું અસ્તિત્વ.''

આ જ લેખક લખે છે: 'યુનાનીઓએ વૈજ્ઞાનિક કલ્પનાઓને વ્યવસ્થિત કરી, તેને સામાન્ય નિયમનું રૂપ આપ્યું અને તેને સિદ્ધાંતબદ્ધ કરી, પરંતુ જ્યાં સુધી શોધખોળ કરવાની ધૈર્યપૂર્ણ પદ્ધતિઓને શોધવાનો, નિશ્ચયાત્મક અને સ્વીકારાત્મક તથ્યોને એકત્ર કરવાનો, વૈજ્ઞાનિક અધ્યયનની સૂક્ષ્મ રીતો નિર્ધારિત કરવાનો, વ્યાપક અને દીર્ઘકાલીન અવલોકન અને નિરીક્ષણ કરવાનો તથા પરીક્ષણાત્મક અન્વેષણ કરવાનો પ્રશ્ન છે, તો આ તમામ વિશિષ્ટતાઓ યુનાની સ્વભાવ માટે તદ્દન અજનબી હતી, જેને આજે વિજ્ઞાન કહે છે, જે શોધખોળની નવીન પ્રણાલીઓ, પરીક્ષણના તરીકાઓ, અવલોકન અને નિરીક્ષણની પદ્ધતિ, માપવા-તોલવાની રીતો તથા ગણિતના વિકાસના પરિણામ સ્વરૂપ યુરોપમાં ઊભર્યું, તેના આ રૂપથી યુનાની તદ્દન અજાણ હતાં. યુરોપીય જગતને આ પ્રણાલીઓ અને આ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓથી આરબોએ જ પરિચય કરાવ્યો.''

પ્રકરણ - ૬

મુહમ્મદ ﷺ ઈશદૂત

ઈસ્લામઃ એક સંપૂર્ણ જીવન-વ્યવસ્થા

પયગંબર મુહમ્મદ ﷺના શિક્ષણનો આ જ વ્યવહારિક ગુણ છે, જેણે વૈજ્ઞાનિક પ્રવૃત્તિને જન્મ આપ્યો. આ જ શિક્ષણે દૈનિક કામકાજ અને તે કામોને પણ, જે સાંસારિક કાર્યો કહેવાય છે, આદર અને પવિત્રતા પ્રદાન કરી. કુર્આન કહે છે કે મનુષ્યને ખુદાની ઇબાદત માટે પેદા કરવામાં આવ્યો છે, પરંતુ 'ઇબાદત' (પૂજા, ઉપાસના)ની પોતાની અલગ પરિભાષા છે. ખુદાની ઇબાદત માત્ર પૂજા-પાઠ વગેરે સુધી સીમિત નથી, બલ્કે પ્રત્યેક તે કાર્ય જે અલ્લાહના આદેશાનુસાર તેની પ્રસન્નતા પ્રાપ્ત કરવા તથા માનવ-જાતિની ભલાઈ માટે કરવામાં આવે, તે ઇબાદતના અંતર્ગત આવે છે. ઈસ્લામે સમગ્ર જીવન અને તેનાથી સંબંધિત તમામ મામલાઓને પાવન અને પવિત્ર ઘોષિત કર્યા છે. શરત એ છે કે તેને પ્રમાણિકતા, ન્યાય અને સારા ઇરાદાની સાથે કરવામાં આવે. પવિત્ર અને અપવિત્ર વચ્ચે ચાલતા રહેલા અનુચિત ભેદને મિટાવી દીધો. કુર્આન કહે છે કે જો તમે પવિત્ર અને સ્વચ્છ ભોજન ખાઈને અલ્લાહનો આભાર માનો તો તે પણ ઇબાદત છે. ઈસ્લામના પયગંબર ﷺએ કહ્યું કે જો કોઈ વ્યક્તિ પોતાની પત્નીને ખાવાનો એક કોળિયો ખવડાવે છે તો આ પણ પુણ્ય અને ભલાઈનું કામ છે તેમજ અલ્લાહને ત્યાં તે તેનું સારૂં વળતર મેળવશે. પયગંબર ﷺની એક અન્ય હદીષ છે — "જો કોઈ વ્યક્તિ પોતાની કામવાસના અને ઇચ્છાને પૂરી કરે છે તો તેનું પણ તેને પુણ્ય મળશે. શરત એ છે કે તે તેને માટે એ જ રીત અપનાવે જે વૈધ હોય." એક સજ્જન, જે આપ ﷺની વાતો સાંભળી રહ્યા હતા, આશ્ચર્યથી બોલ્યા, "હે

અલ્લાહના પયગંબર ﷺ ! તે તો કેવળ પોતાની ઇચ્છાઓ અને પોતાના મનની કામનાઓને પૂરી કરે છે ?" આપ ﷺએ જવાબ આપ્યો, 'જો તેણે પોતાની ઇચ્છાઓની પૂર્તિ માટે અવૈધ રીતો અને સાધનોને અપનાવ્યા હોત તો તેને તેની સજા મળતી, તો પછી વૈધ રીત અપનાવવા માટે તેને ઇનામ કેમ ન મળવું જોઈએ?"

વ્યવહારિક શિક્ષણ

ધર્મની આ નવી ધારણાએ કે 'ધર્મનો વિષય પૂર્ણતઃ અલૌકિક જગતના મામલાઓ સુધી સીમિત ન રહેવો જોઈએ, બલ્કે તેને આ લૌકિક જીવનના ઉત્થાન ઉપર પણ ધ્યાન આપવું જોઈએ' નીતિ-શાસ્ત્ર અને આચાર-શાસ્ત્રના નવા મૂલ્યો અને માન્યતાઓને નવી દિશા આપી. તેણે દૈનિક જીવનમાં લોકોના સામાન્ય પારસ્પરિક સંબંધો ઉપર સ્થાયી પ્રભાવ નાખ્યો. તેણે પ્રજા માટે ઊંડી શક્તિનું કામ કર્યું, તે ઉપરાંત લોકોના અધિકારો અને કર્તવ્યોની ધારણાઓને સુવ્યવસ્થિત કરવી અને તેનો અશિક્ષિત લોકો અને બુદ્ધિશાળી દાર્શનિકો માટે સમાન રૂપે ગ્રહણ કરવા અને વ્યવહારમાં લાવવા યોગ્ય હોવું તે પયગંબરે ઇસ્લામ ﷺના શિક્ષણની પ્રમુખ વિશેષતાઓ છે.

સત્કર્મ પર આધારિત શુદ્ધ ધારણા

અહીં એ બાબત અત્યંત સતર્કતાની સાથે મગજમાં આવી જવી જોઈએ કે સદ્કાર્યો ઉપર ભાર મૂકવાનો અર્થ એ નથી કે તેના માટે ધાર્મિક આસ્થાઓની પવિત્રતા અને શુદ્ધતાનો ત્યાગ કરી દેવામાં આવ્યો છે. આવી ઘણી વિચારધારાઓ છે, જેમાં કાં તો વ્યવહારિકતાના મહત્ત્વની બલિ આપીને આસ્થાઓને જ સર્વોપરી માનવામાં આવી છે અથવા તો પછી ધર્મની શુદ્ધ ધારણા અને આસ્થાની પરવા ન કરીને માત્ર ધર્મને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. તેનાથી વિપરીત ઇસ્લામ સત્ય, આસ્થા અને સત્કર્મના નિયમ ઉપર આધારિત છે. અહીં સાધન પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે, જેટલું લક્ષ્ય. લક્ષ્યોને પણ તે જ મહત્તા પ્રાપ્ત છે, જે સાધનોને પ્રાપ્ત છે. આ એક જૈવ અંકની જેમ છે, તેના જીવન અને વિકાસનું રહસ્ય પરસ્પર જોડાઈ રહેવામાં નિહિત છે. જો તે એક-બીજાથી અલગ થાય છે તો તે ક્ષીણ અને વિનષ્ટ થઈને રહેશે. ઇસ્લામમાં ઈમાન અને આચરણને અલગ-અલગ નથી કરી શકાતાં. સત્ય જ્ઞાનને સત્કર્મમાં ઢળી જવું જોઈએ, જેથી સારાં ફળ પ્રાપ્ત થઈ શકે.

'જે લોકો ઈમાન રાખે છે અને સત્કર્મો કરે છે, કેવળ તેઓ જ સ્વર્ગમાં જઈ શકશે' આ વાત કુર્આનમાં ઘણી વાર દોહરાવવામાં આવી છે. આ વાતને પચાસથી ઓછી વખત દોહરાવવામાં આવી નથી. ચિંતન-મનન અને ધ્યાન માટે પ્રોત્સાહન જરૂર આપવામાં આવ્યું છે, પરંતુ માત્ર ધ્યાન અને ચિંતન-મનન જ લક્ષ્ય નથી. જે લોકો માત્ર ઈમાન રાખે, પરંતુ તે અનુસાર કર્મ ન કરે, તેમનું ઇસ્લામમાં કોઈ સ્થાન નથી. જેઓ ઈમાન તો રાખે, પરંતુ કુકર્મ પણ કરે તેમનું ઈમાન ક્ષીણ છે. ઈશ્વરીય કાનૂન માત્ર વિચાર-પદ્ધતિ નથી, બલ્કે તે એક કર્મ અને પ્રયત્નનો કાનૂન છે. આ ધર્મ લોકો માટે જ્ઞાનથી કર્મ અને કર્મથી પરિતૃપ્તિ દ્વારા સ્થાયી અને શાશ્વત ઉન્નતિનો માર્ગ પ્રશસ્ત કરે છે.

ઈશ્વરઃ તેના જેવો અન્ય કોઈ નહીં

પરંતુ તે સાચું ઈમાન કયું છે, જેનાથી સત્કર્મનો આવિર્ભાવ થાય છે, જેના ફળસ્વરૂપ પૂર્ણ પરિતૃપ્તિ પ્રાપ્ત થાય છે? ઇસ્લામનો પાયાનો સિદ્ધાંત એકેશ્વરવાદ છે; 'અલ્લાહ માત્ર એક જ છે, તેના સિવાય કોઈ ઉપાસ્ય નથી' ઇસ્લામનો મૂળ મંત્ર છે. ઇસ્લામનું તમામ શિક્ષણ અને કર્મ તેનાથી જોડાયેલ છે. તે કેવળ પોતાના અલૌકિક વ્યક્તિત્વના કારણે જ અદ્વિતીય નથી, બલ્કે પોતાના દિવ્ય અને અલૌકિક ગુણો અને ક્ષમતાઓની દૃષ્ટિથી પણ અનન્ય અને અજોડ છે.

જ્યાં સુધી ઈશ્વરના ગુણોનો સંબંધ છે, બીજી વસ્તુઓની જેમ અહીં પણ ઇસ્લામના સિદ્ધાંતો અત્યંત સોનેરી છે. આ ધારણા એક તરફ ઈશ્વરના ગુણોથી રહિત હોવાની કલ્પનાનો અસ્વીકાર કરે છે, તો બીજી તરફ ઇસ્લામ તે વસ્તુઓને ખોટી ઠેરવે છે, જેનાથી ઈશ્વરના તે ગુણોનો આભાસ થાય છે, જે સર્વથા ભૌતિક ગુણ હોય છે.એક તરફ કુર્આન કહે છે કે તેના સમાન કોઈ નથી, તો બીજી તરફ તે આ વાતની પણ પુષ્ટિ કરે છે કે તે જુએ છે, સાંભળે છે અને જાણે છે, તે એવો સૃષ્ટા છે, જેનાથી સ્હેજ પણ ભૂલ-ચૂક નથી થઈ શકતી. તેની શક્તિનું અસરકારક જહાજ ન્યાય અને સમાનતાના સાગર ઉપર તરે છે. તે અત્યંત કૃપાળુ અને દયાળુ છે, તે સૌનો સંરક્ષક છે. ઇસ્લામ આ સ્વીકારાત્મક રૂપને પ્રસ્તુત કરવા ઉપર જ રોકાઈ નથી જતો, બલ્કે તે સમસ્યાના નકારાત્મક પાસાને પણ સામે લાવે છે, જે તેની અત્યંત મહત્ત્વપૂર્ણ વિશિષ્ટતા છે. તેના સિવાય કોઈ બીજો નથી, જે સૌનો સંરક્ષક હોય. તે દરેક તૂટી ગયેલાને જોડવાવાળો છે, તેના સિવાય કોઈ નથી, જે તૂટેલાને

જોડવાવાળો હોય. તે જ દરેક પ્રકારની ક્ષતિપૂર્તિ કરવાવાળો છે. તેના સિવાય કોઈ અન્ય ઉપાસ્ય નથી. તે દરેક પ્રકારની અપેક્ષાઓથી પર છે. તેણે જ શરીરની રચના કરી, તે જ આત્માઓનો સૃષ્ટા છે. તે જ ન્યાય (પ્રલય)ના દિવસનો માલિક છે. સારાંશ એ કે કુર્આન અનુસાર સમગ્ર શ્રેષ્ઠ અને મહાન ગુણો તે ધરાવે છે.

બ્રહ્માંડમાં મનુષ્યની હૈસિયત

જગતના સંદર્ભમાં બ્રહ્માંડની સરખામણીમાં મનુષ્યની જે હૈસિયત છે, તે વિશે કુર્આન કહે છે : "આ ધરતીમાં અને આકાશોમાં જે કંઈ છે, ખુદાએ તમારી સેવામાં લગાવી રાખ્યું છે. તમને સૃષ્ટિ ઉપર શાસન કરવા માટે નિયત કરવામાં આવ્યા છે.' પરંતુ ખુદાના સંબંધે કુર્આન કહે છે, "હે લોકો, ખુદાએ તમને ઉત્કૃષ્ટ ક્ષમતાઓ પ્રદાન કરી છે. તેણે જીવનનું સર્જન કર્યું, જેથી તમારી પરીક્ષા કરી શકાય કે કોણ તમારામાં સુ-કર્મ કરે છે અને કોણ સાચા રસ્તાથી ભટકે છે."

મનુષ્ય એક સીમા સુધી પોતાની ઇચ્છા અનુસાર કાર્ય કરવા માટે સ્વતંત્ર છે, તેમ છતાં તે વિશેષ વાતાવરણ અને પરિસ્થિતિઓ તેમજ ક્ષમતાઓ વચ્ચે ઘેરાયેલો પણ છે. મનુષ્ય પોતાનું જીવન તે નિશ્ચિત સીમાઓની અંદર વ્યતીત કરવા માટે બંધાયેલો છે, જેના ઉપર તેનો પોતાનો કોઈ અધિકાર નથી. આ સંદર્ભમાં ઇસ્લામ અનુસાર ખુદા કહે છે, હું પોતાની ઇચ્છા અનુસાર મનુષ્યને તે પરિસ્થિતિઓમાં જન્મ આપું છું, જેને હું ઉચિત સમજું છું. અસીમ બ્રહ્માંડની યોજનાઓને નશ્વર મનુષ્ય સંપૂર્ણ રીતે સમજી શકતો નથી, પરંતુ હું નિશ્ચય જ સુખમાં અને દુઃખમાં, તંદુરસ્તી અને બીમારીમાં, ઉન્નતિ અને અવનતિમાં તમારી પરીક્ષા કરીશ. મારી પરીક્ષાની રીતો પ્રત્યેક મનુષ્ય અને દરેક સમયે અને યુગ માટે જુદી-જુદી હોઈ શકે છે. તેથી મુસીબતમાં નિરાશ ન થાવ, અને અવૈધ પદ્ધતિઓ અને સાધનોનો સહારો ન લો. આ તો વીતી જનાર પરિસ્થિતિ છે. ખુશહાલીમાં ખુદાને ભૂલી ન જાવ. ખુદાના ઉપહાર તો તમને માત્ર અમાનતના રૂપમાં મળેલ છે. તમે દરેક સમયે અને પ્રત્યેક ક્ષણે પરીક્ષામાં છો. જીવનના આ ચક્ર અને પ્રણાલીના સંબંધમાં 'તમારૂં કામ એ નથી કે કોઈ દુવિધામાં પડો, બલ્કે તમારૂં કર્તવ્ય તો એ છે કે મરતાં દમ સુધી કર્મ કરતા રહો.' જો તમને જીવન મળ્યું છે તો ખુદાની ઇચ્છા અનુસાર જીવો અને મરો છો તો તમારૂં મૃત્યુ પણ ખુદાની રાહમાં હોય. તમે તેને નસીબ કહી શકો છો, પરંતુ આ પ્રકારનું નસીબ તો એવી શક્તિ અને જીવનદાયક સતત પ્રયાસનું નામ છે, જે

હંમેશાં તમને સતર્ક રાખે છે. આ જગતમાં પ્રાપ્ત અસ્થાયી જીવનને માનવ અસ્તિત્વનો અંત ન સમજી લો. મૃત્યુ પછી એક અન્ય જીવન પણ છે, જે હંમેશાં બાકી રહેનારૂં છે. આ જીવન પશ્ચાત્ આવનાર જીવન તે દ્વાર છે, જેના ખૂલવા ઉપર જીવનના અદૃષ્ય તથ્યો પ્રગટ થઈ જશે. આ જીવનનું પ્રત્યેક કાર્ય, ચાહે તે ગમે તેટલું મામૂલી હોય, તેનો પ્રભાવ હંમેશાં બાકી રહેવાવાળો હોય છે. તે યોગ્ય રીતે અભિલિખિત અને અંકિત થઈ જાય છે.

ખુદાની કેટલીક કાર્ય-પદ્ધતિને તો તમે સમજો છો, પરંતુ ઘણીખરી વાતો તમારી સમજથી દૂર અને નજરથી ઓઝલ છે. તમારા પોતાનામાં જે વસ્તુઓ છૂપાયેલી છે અને જગતની જે ચીજો તમારાથી છૂપાયેલી છે, તે બીજી દુનિયામાં તદ્દન તમારા સામે ખોલી દેવામાં આવશે. સદાચારી અને શિષ્ટ લોકોને ખુદાનું તે વરદાન પ્રાપ્ત થશે, જેને ન આંખોએ જોયું હશે, ન કાનોએ સાંભળ્યું હશે. અને ન મન તેની કલ્પના કરી શકશે. તેની મહેરબાની અને વરદાન ક્રમશઃ વધતાં જ જશે અને તેને અધિકાધિક ઉન્નતિ પ્રાપ્ત થતી રહેશે.

પરંતુ જેઓ આ જીવનમાં મળેલ અવસરને ખોઈ નાખે, તેઓ તે અનિવાર્ય કાનૂનની પકડમાં આવી જશે, જેના અંતર્ગત મનુષ્યને પોતાના કરતૂતોની મજા ચાખવી પડશે. તેઓને તે આત્મિક રોગોના કારણે, જેમાં તેમણે પોતે પોતાને ગ્રસ્ત કર્યા હશે, તેમણે ઇલાજના એક તબક્કામાંથી પસાર થવું પડશે. સાવધાન થઈ જાવ, ખૂબ કઠિન અને ભયાનક સજા છે. શારીરિક પીડા તો એવી યાતના છે કે તેને તો તમે કોઈ પણ રીતે સહન પણ કરી શકો છો, પરંતુ આત્મિક પીડા તો જહન્નમ (નર્ક) છે, જે તમારા માટે અસહ્ય હશે. તેથી આ જ જીવનમાં પોતાની તે મનોવૃત્તિઓનો સામનો કરો, જેનો ઝુકાવ ગુનાની તરફ રહે છે અને તે તમને પાપાચાર તરફ પ્રેરિત કરે છે. તમે તે અવસ્થાને પ્રાપ્ત કરો, જ્યારે કે અંતરાત્મા જાગૃત થઈ જાય અને મહાન નૈતિક ગુણ પ્રાપ્ત કરવા માટે વ્યાકુળ થઈ જાય અને અવજ્ઞા વિરુદ્ધ વિદ્રોહ કરે. આ તમને આત્મિક શાંતિની અંતિમ મંજિલ સુધી પહોંચાડશે, અર્થાત્ અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની મંજિલ સુધી અને માત્ર અલ્લાહની પ્રસન્નતામાં જ આત્માનો આનંદ પણ નિહિત છે. આ સ્થિતિમાં વિચલિત થવાની સંભાવના નહીં હોય, સંઘર્ષનો તબક્કો વીતી ગયો હશે, સત્ય જ વિજયી થાય છે અને જૂઠ પોતાના હથિયાર હેઠાં મૂકી દે છે. તે સમયે સમગ્ર ઉલઝનો દૂર થઈ જશે. તમારૂં મન દુવિધામાં નહીં રહે, તમારૂં વ્યક્તિત્વ અલ્લાહ અને તેની મરજી

પ્રત્યે સંપૂર્ણ ભાવની સાથે પૂર્ણતઃ સંગઠિત અને એકીકૃત થઈ જશે, ત્યારે સમગ્ર અદૃષ્ય શક્તિઓ અને ક્ષમતાઓ પૂર્ણતઃ સ્વતંત્ર થઈ જશે અને આત્માને પૂર્ણ શાંતિ પ્રાપ્ત થશે ત્યારે ખુદા તમારાથી કહેશે, 'હે સંતુષ્ટ આત્મા ! તુ પોતાના રબ (માલિક અને પાલનહાર)થી સંપૂર્ણપણે પ્રસન્ન અને તુ હવે પોતાના રબની તરફ પરત ચાલ, તુ તેનાથી રાજી અને તે તારાથી રાજી છે, હવે તુ મારા પ્રિય બંદાઓમાં સામેલ થઈ જા અને મારી જન્નતમાં દાખલ થઈ જા.' (કુર્આન, સૂરઃ ફજ્ર)

મનુષ્યનું પરમ લક્ષ્ય

આ છે ઇસ્લામની દૃષ્ટિમાં મનુષ્યનું પરમ્ લક્ષ્ય કે એક તરફ તો તે આ જગતને વશીભૂત કરવાની કોશિશમાં લાગી જાય અને બીજી તરફ તેનો આત્મા અલ્લાહની પ્રસન્નતામાં શાંતિ અને ચેન શોધે. કેવળ ખુદા જ તેનાથી રાજી ન હોય, બલ્કે તે પણ ખુદાથી રાજી અને સંતુષ્ટ હોય. તેના ફળસ્વરૂપે તેને મળશે ચેન અને પૂર્ણ ચેન, પરિતૃપ્તિ અને પૂર્ણ પરિતૃપ્તિ, શાંતિ અને પૂર્ણ શાંતિ. આ હાલતમાં ખુદાનો પ્રેમ તેનો આહાર બની જાય છે અને તે જીવન સ્રોતથી જીવ ભરીને પીને પોતાની તરસને બૂઝાવે છે. પછી ન તો દુઃખ અને નિરાશા તેને પરાજિત અને વશીભૂત કરી શકે છે અને ન સફળતાઓમાં તે ઘમંડ કરે છે અને મર્યાદા ઓળંગે છે.

થૉમસ કાર્લાઇલ આ જીવન-દર્શનથી પ્રભાવિત થઈને લખે છેઃ "અને પછી ઇસ્લામની પણ આ જ માંગ છે—આપણે પોતાને અલ્લાહના પ્રત્યે સમર્પિત કરી દેવા જોઈએ, આપણી સમગ્ર શક્તિ તેના પ્રત્યે પૂર્ણ સમર્પણમાં છૂપાયેલ છે. તે આપણી સાથે જે કંઈ પણ કરે છે, આપણને જે કંઈ પણ મોકલે છે, ચાહે મૃત્યુ જ કેમ ન હોય અથવા તેનાથી પણ ખરાબ કોઈ વસ્તુ હોય, તે વસ્તુતઃ આપણા માટે ભલાઈની અને આપણા માટે ઉત્તમ જ હશે. આ રીતે આપણે પોતાને ખુદાની પ્રસન્નતા પ્રત્યે સમર્પિત કરી દઈએ છીએ."

લેખક આગળ જતાં ગોયટેનો એક પ્રશ્ન ઉદ્ધૃત કરે છે – "ગોયટે પૂછે છે જો આ જ ઇસ્લામ છે તો શું આપણે સૌ ઇસ્લામી જીવન વ્યતીત નથી કરી રહ્યા ?" તેના ઉત્તરમાં કાર્લાઇલ લખે છેઃ "હા, આપણામાંથી તે સૌ, જે નૈતિક અને સદાચારી જીવન વ્યતીત કરે છે, તે બધા ઇસ્લામમાં જ જીવન વ્યતીત કરી રહ્યા છે. આ તો અન્તતઃ તે સર્વોચ્ચ જ્ઞાન અને પ્રજ્ઞા છે, આકાશથી આ ધરતી ઉપર ઉતારવામાં આવી છે."

—●—